CARDIFF
HEALTH ALLIANCE

CYNGHRAIR IECHYD
CAERDYDD

# પડકારનો સામનો કરવો

## કાર્ડિફની આરોગ્ય, સામાજિક સંભાળ અને તંદુરસ્તી માટેની વ્યૂહરચના
## 2005-2008

## સારાંશ

# પ્રસ્તાવના

'મીટિંગ ધી ચેલેન્જ' કાર્ડિફની પહેલી આરોગ્ય, સામાજિક સંભાળ અને તંદુરસ્તી માટેની વ્યૂહરચના છે. તે કાર્ડિફ કાઉન્સિલ અને કાર્ડિફ લોકલ હેલ્થ બોર્ડની નવી સંયુક્ત વૈધાનિક જરૂરિયાતના પ્રતિભાવ સ્વરૂપે વિકસાવવામાં આવી છે અને આરોગ્ય અને તંદુરસ્તીને સુધારવાના ભાગીદારી અભિગમ પર આધારિત છે અને સમગ્ર શહેરમાં રહેલી આરોગ્યની અસમાનતાઓને ઘટાડવાને એટલીજ અગ્રતા આપે છે જેટલી અસરકારક અને કાર્યક્ષમ આરોગ્ય તથા સામાજિક સંભાળ સેવાઓ આપવાને.

અમે આ વ્યૂહરચના વિકસાવવાના અભિગમમાં નવીનતા દાખલ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ વ્યૂહરચનાને તૈયાર કારવાની જવાબદારી કાર્ડિફ હેલ્થ અલાયન્સની હતી જે સ્થાનિક અધિકારી, NHS અને સ્વૈચ્છિક ક્ષેત્રની ભાગીદારી છે.

આ વ્યૂહરચનાને વિકસાવવામાં ચર્ચા વિચારણા અને સહભાગિતાની વિસ્તૃત પ્રક્રિયા અમારા અભિગમનું કેન્દ્ર બની છે. તેમાં કાર્ડિફનું સમગ્ર સમુદાય તેમજ મહત્ત્વના શેર હોલ્ડરો સંકળાયેલા છે. તેમાં ડેરિક વેનલેસે 'રીવ્યુ ઓફ હેલ્થ એન્ડ સોશિયલ કેર ઇન વેલ્સ' માં વ્યક્ત કરેલાં તારણો પ્રતિબિંબિત થયા છે, એટલે કે જાહેર જનતાને માત્ર તેમના પોતાનું આરોગ્ય સુધારવાજ નહીં, પરન્તુ આરોગ્ય અને સામાજિક સંભાળ સેવાઓમાં ફરીથી ધ્યાન આપવાની પ્રક્રિયામાં પણ સહભાગી બનાવવાની જરૂર. આ વ્યૂહરચના પર રેસ ઇક્વલિટી અમેન્ડમેન્ટ એક્ટ (વર્ણ સમાનતા સંશોધન અધિનિયમ) પ્રમાણે વર્ણ સમાનતાની અસરનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું છે.

તેના પરિણામે કાર્ડિફ માટેની વ્યૂહરચના સમગ્ર શહર માટે એવી આરોગ્ય અને સામાજિક સંભાળના ભવિષ્ય સ્વરૂપના સંયુક્ત સ્વપ્નની ઓળખ આપે છે, જે સ્થાનિક જરૂરિયાતો સીધી પૂરી કરે છે અને જેને મુખ્યત્વે ભાગીદારો અને સમુદાયના સહયોગથી વિકસાવવામાં આવી છે. આ વ્યૂહરચના આરોગ્ય સુધારવા માટે સમન્વિત કાર્યવાહીની વ્યાખ્યા કરે છે, જે ત્યારબાદ શહેરના રહીશો માટે સેવાઓ પૂરી પાડવામાં મૂળભૂત રીતે પરિવર્તન કરશે.

**કાઉન્સિલર જહોન ડિક્સન**
**એક્ઝીક્યુટીવ મેમ્બર કાર્ડિફ કાઉન્સિલ**
**ચેરમેન કાર્ડિફ હેલ્થ અલાયન્સ**

**ડૉ રોબ જોન્સ**
**ચેરમેન કાર્ડિફ લોકલ હેલ્થ બોર્ડ**
**વાઇસ ચેરમેન કાર્ડિફ હેલ્થ અલાયન્સ**

આ સારાંશ નીચે આપેલી સામુદાયિક ભાષાઓની શ્રેણીમાં
**www.cardiffhealthalliance.org**
પર ઉપલબ્ધ છે.

**ચાઇનીઝ (કેન્ટોનીઝ)**
**અરેબિક**
**બંગાળી**
**ફારસી**
**ફ્રેન્ચ**
**ગુજરાતી**
**હિન્દી**
**કુર્દીશ**
**પંજાબી**
**સોમાલી**
**ઉર્દૂ**

સારાંશની વધારાની નકલો અહીંયાથી ઉપલબ્ધ છે:

**ક્રિસ્ટીન જેન્કિન્સ**
**Cardiff Health Alliance**
**Social Care and Health**
**Room 337, County Hall**
**Atlantic Wharf**
**Cardiff, CF10 4UW**
**Tel: 029-2087 3830**
**Fax: 029-2087 3851**
**E-mail: healthalliance@cardiff.gov.uk**
**Website: www.cardiffhealthalliance.org**

## પરિચય

આ કાર્ડિફ કાઉન્સિલ અને કાર્ડિફ લોકલ હેલ્થ બોર્ડની નવી સંયુક્ત વૈધાનિક જરૂરિયાતના પ્રતિભાવ સ્વરૂપે કાર્ડિફ માટે વિકસાવવામાં આવેલી પહેલી આરોગ્ય, સામાજિક સંભાળ અને તંદુરસ્તી માટેની વ્યૂહરચના છે. તે એવી પદ્ધતિયોની વ્યાખ્યા કરે છે જેના દ્વારા સંગઠનો સાથે કામ કરીને સ્થાનિક સ્તરે આગામી 3 વર્ષમાં કાર્ડિફના લોકોના આરોગ્ય અને તંદુરસ્તી સુધારવાનું આયોજન કરશે. એ હાંસલ કરવા માટેની કાર્યવાહી આરોગ્યને પ્રોત્સાહન આપવા અને સુધારવાનાં પગલાં તથા આરોગ્યની અસમાનતાઓ ઘટાડવા અને આરોગ્ય તેમજ સામાજિક સંભાળ સેવાઓની બહોળી શ્રેણી લોકોને જરૂર પડે ત્યારે ઉપલબ્ધ થાય તેની ખાતરી કરવા વચ્ચે સમતોલ રાખે છે.

આ વ્યૂહરચના દ્વારા વિકસાયેલી સંમત અગ્રતાઓ આ કાર્યોનું પરિણામ છે:

- સ્થાનિક સમુદાયોની આરોગ્ય અને તંદુરસ્તીની જરૂરિયાતોનું વિસ્તૃત મૂલ્યાંકન.
- જરૂરી કાર્યવાહી નિશ્ચિત કરીને સેવા વપરાશકારો અને સમગ્ર સમુદાય સહિત વ્યક્તિઓ અને સંગઠનો સાથે કામ કરવાનો નવો અભિગમ.
- સ્થાનિક ભાગીદારો વચ્ચે સમન્વિત કાર્યવાહી માટે ઉચ્ચસ્તરીય વચનબદ્ધતા.
- રાષ્ટ્રીય વ્યૂહરચનાઓને અને તેમને હાંસલ કરવા માટે સ્થાનિક સ્તરે કઇ કાર્યવાહીની જરૂર છે તેને ધ્યાનમાં રાખવું.




આ વ્યૂહરચના નિમ્નલિખિતને મહત્વની અગ્રતાઓમાં ગણે છે:

- માનસિક આરોગ્ય
- વૃદ્ધ લોકો
- બાળકો અને યુવાન લોકો
- વિશિષ્ટ જરૂરિયાતોવાળા સમુદાયો (અશ્વેત અને લઘુમતિ જાતિ સમુદાયો, બેઘર લોકો, આશ્રયસ્થાનની માગણી કરનારા, જિપ્સિઓ અને પ્રવાસીઓ)
- જીવનપદ્ધતિ અને તંદુરસ્તી સુધારવી (ધુમ્રપાન, વધુ પડતું વજન/સ્થૂળપણું, જાતિય આરોગ્ય, અકસ્માત અટકાવવું)
- આરોગ્ય અને સામાજિક સંભાળનાં સાધનોનો વધુમાં વધુ ઉપયોગ કરવો

નિશ્ચિત કરેલી અગ્રતાઓને ટેકો આપતા નિમ્નલિખિત સિદ્ધાંતો છે:

- આરોગ્યની અસમાનતાઓ ઘટાડવાની જરૂર - કાર્ડિફના સમુદાયો વચ્ચેની અસમાનતાઓ
- વ્યક્તિઓ અને સમુદાયોનું જોડાણ કરવું અને તેમને સત્તા આપવી જેથી કરીને તેઓ પોતાનું આરોગ્ય સુધારવામાં યોગદાન આપી શકે અને સેવાઓના આયોજનમાં ભાગ લઈ શકે
- વહેલો હસ્તક્ષેપ - લોકોને બીમાર અથવા અશક્ત થવાથી અટકાવવા માટે
- સમગ્ર તંત્ર અભિગમ - ખાતરી કરવા માટે કે બધી આરોગ્ય અને સામાજિક સંભાળ સેવાઓ વ્યક્તિની જરૂરિયાતો પર ધ્યાન આપે છે
- બીજી સેવાઓ સાથે જોડાણ (ગૃહનિર્માણ, પરિવહન વગેરે) - ખાતરી કરવા માટે કે આયોજનનાં અન્ય ક્ષેત્રો આરોગ્ય અને તંદુરસ્તીની જરૂરિયાતોને ધ્યાનમાં લે છે

નિશ્ચિત કરેલી કાર્યવાહીઓનું હેતુ છે:

- સ્થાનિક જરૂરિયાતોને સીધો પ્રતિભાવ આપતી અદ્યતન સેવાઓની શ્રેણી વિકસાવવી.
- નાણાંકીય સહાયનો ખર્ચ કેવી રીતે થાય છે તેની જાણ કરવા માટે સ્પષ્ટ અગ્રતાઓ આપવી.
- ખાતરી કરવી કે આરોગ્ય અને સામાજિક સંભાળનાં સાધનોનો ઉપયોગ સારામાં સારા પરિણામો આપે.
- લક્ષ્યો નિર્ધારિત કરવા, જેમની વિરુદ્ધ પ્રગતિની નોંધ રાખી શકાય.

## વ્યૂહરચના કેવી રીતે વિકસાવવામાં આવી?

આ વ્યૂહરચનાના વિકાસ સાથે વ્યકિતઓ અને સંગઠનોની બહોળી શ્રેણી સંકળાયેલી છે. વ્યૂહરચના વિકસાવવા માટેનું માળખું, વાપરવામાં આવતી પ્રક્રિયા અને વ્યૂહરચના તથા અન્ય વ્યૂહાત્મક પ્રક્રિયાઓ વચ્ચે કરવામાં આવેલાં મહત્ત્વનાં જોડાણો નિમ્નલિખિત હતા:

| માળખું | પ્રક્રિયા | જોડાણો |
| --- | --- | --- |
| • કાર્ડિફના આરોગ્ય અને તંદુરસ્તી માટેની મહત્ત્વની વ્યૂહાત્મક ભાગેદારી તરીકે, હેલ્થ અલાયન્સે વ્યૂહરચનાના વિકાસને ઉત્તેજન આપ્યું છે.<br>• સંયુક્ત આરોગ્ય અને સામાજિક સંભાળ માટેનાં એડવાઇઝરી પ્લાનિંગ ગ્રૂપસ્ (APGs) તથા જોઇન્ટ કમીશનિંગ ગ્રૂપ વ્યકિતગત ગ્રાહક જૂથની દરખાસ્તો વિકસાવવા માટે જવાબદાર રહ્યા છે.<br>• વ્યૂહરચનાની કામગીરીનાં મહત્ત્વના ભાગો પૂરા કરવા માટે સીમિત સંખ્યામાં બહુસંસ્થાકીય કાર્ય જૂથો સ્થાપિત કરવામાં આવ્યા હતાં.<br>• સમગ્ર પ્રક્રિયાને ટેકો આપવા માટે કાર્ડિફ કાઉન્સિલ, કાર્ડિફ LHB તથા વોલન્ટરી એક્શન કાર્ડિફનાં કર્મચારીઓ સાથે એક સંયુક્ત એકમ સ્થાપવામાં આવ્યું. | • 'કમ્યુનિટી ઓરિઅન્ટેડ પ્રાઇમરી કેર' (COPC) નામક ચકાસેલી પદ્ધતિનો ઉપયોગ કરીને સેવા વપરાશકારો, સંભાળકર્તાઓ અને સમુદાયના પ્રતિનિધિયોએ 2 મહત્ત્વના તબક્કાઓમાં ભાગ લીધો હતો.<br>• જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા માટેની ચર્ચા વિચરણામાં કાર્ડિફના દરેક વિસ્તારમાં ચાર 'હેવ યોર સે' વર્કશોપ્સ રાખવામાં આવ્યાં. આરોગ્ય અને સામાજિક સંભાળના ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓ તથા સામુદાયિક અને સ્વૈચ્છિક જૂથોના પ્રતિનિધિયોમાંથી પસંદ કરેલા 200 લોકોએ આમાં ભાગ લીધો હતો.<br>• વ્યૂહરચનાની દરખાસ્તો વિકસાવવા માટે 'ટોક ઇન્ટૂ એક્શન' ચર્ચા વિચરણા વર્કશોપ્સ રાખવામાં આવ્યાં જેમાં 165 લાકોએ ભાગ લીધો. તેમાં કાર્ડિફમાં રહેતા અને કામ કરતા લોકોને સ્થાનિક મુદ્દાઓ માટે સ્થાનિક સમાધાન શોધીને આરોગ્ય અને સામાજિક સંભાળનું આયોજન કરતા જૂથો સમક્ષ રજૂ કરવા માટે પ્રોત્સાહિત કરવા પર ધ્યાન આપવામાં આવ્યું હતું. | • શહેરના આર્થિક, સામાજિક અને પર્યાવરણ સંબંધિત તંદુરસ્તીને પ્રોત્સાહન આપતા કાર્ડિફ કમ્યુનિટી સ્ટ્રેટેજી સાથે નજીકનું જોડાણ સ્થાપિત કરવામાં આવ્યું છ.<br>• ગૃહનિર્માણ, પરિવહન અને સામુદાયિક સુરક્ષા જેવા આરોગ્ય પર અસર કરતા પરિબળોની બહોળી શ્રેણી પર ધ્યાન આપતી સામુદાયિક વ્યૂહરચનાની છત્રછાયા હેઠળ કામ કરતી વ્યાપક ભાગીદારીઓ અને વ્યૂહરચનાઓની સાથે મહત્ત્વના જોડાણ સ્થાપવામાં આવ્યાં હતાં.<br>• વેનલેસ લોકલ એક્શન પ્લાન (WLAP) અને આ વ્યૂહરચના એક બીજાની સરખામણીમાં વિકસાવવામાં આવ્યાં છે. WLAP વ્યૂહરચનાના ખરડાના સંદર્ભમાં તૈયાર કરવામાં આવ્યો હતો અને તે વ્યૂહરચનાની દરખાસ્તોનો અગત્યનો ભાગ છે. |

# સ્થાનિક વિસ્તાર

## કાર્ડિફની જરૂરિયાતો વિશે અમને શું ખબર છે?




વ્યૂહરચનાની પ્રક્રિયાના પહેલા તબક્કા તરીકે સ્થાનિક લોકોનાં આરોગ્ય અને તંદુરસ્તીનું એક સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેના તારણોનો વિસ્તૃત અહેવાલ માર્ચ 2004 માં બાહર પાડવામાં આવ્યો. આની સંપૂર્ણ નકલો **www.cardiffhealthalliance.org** પરથી મળી શકશે.

## હાલની વસ્તી

કાર્ડિફમાં NHS વહિવટી રજિસ્ટર પ્રમાણે 343,289 ની કુલ વસ્તી સાથે 29 મતદાર વિભાગો છે. મોટા ભાગનો વસ્તી વધારો દક્ષિણ પૂર્વ વિસ્તારમાં થવાની આગાહી કરવામાં આવી છે. કાર્ડિફની વસ્તીનું વય માળખું નીચે દર્શાવવામાં આવ્યું છે. તેમાં 15-24 વર્ષની વયના યુવાન લોકોનું પ્રમાણ સમગ્ર વેલ્સ કરતાં વધુ ઉંચું છે - કેટલાક અંશે વિદ્યાર્થીઓની મોટી સંખ્યાના કારણે. તેમાં નિવૃત્તિની વયની વ્યકિતઓનું પ્રમાણ પણ વેલ્સના સરેરાશ કરતાં થોડુક ઓછું છે અને 0 થી 15 વર્ષની વયની વ્યકિતઓનું પ્રમાણ થોડુક ઉંચું છે.

## 2001 NHSAR માંથી લીધેલ વય અને લિંગ પ્રમાણે કાર્ડિફની વસ્તી




આંકડાકીય માહિતીમાંથી સ્પષ્ટ થતી કેટલીક હકીકતો:

- **વિસ્તારોની અંદર અને તેમની વચ્ચેનો તફાવત** - હકીકતમાં સ્પષ્ટ રીતે જુદા પડતા બે કાર્ડિફ છે: પ્રમાણમાં વધુ સમૃદ્ધ શહેરનો ઉત્તરીય ભાગ અને 'પશ્ચિમ વૃત્તખંડ' તરીકે ઓળખાતો ભાગ જે ઘણી જાતનું વંચિતપણું અનુભવે છે. કાર્ડિફની વસ્તીના આંકડાનો અર્થ છે કે 'પશ્ચિમ વૃત્તખંડ' માં ઉચ્ચ સ્તરનું વંચિતપણું 120,000 લોકોને અસર કરે છે અને 16,000 થી વધુ બાળકો સાપેક્ષ ગરીબીમાં જીવે છે.
- **યુવાનો અને વૃદ્ધો** - સમગ્ર વેલ્સની સરખામણીમાં કાર્ડિફમાં 0 થી 15 વર્ષની વયના લોકો થોડા વધુ પ્રમાણમાં છે, 15-24 વર્ષની વયના યુવાન લોકો સાપેક્ષ રીતે ઉંચા પ્રમાણમાં પરન્તુ નિવૃત્તિની વયની વ્યક્તિઓ ઘણા ઓછા પ્રમાણમાં છે. આ જૂથો આરોગ્ય અને સામાજિક સંભાળ સેવાઓનો સૌથી વધુ ઉપયોગ કરે છે.
- **શહેરના મુદ્દાઓ** - કાર્ડિફ એવા વિશિષ્ટ જૂથોને આકર્ષે છે જેમની આરોગ્ય અને તંદુરસ્તીની જરુરિયાતો ઘણું કરીને વિવિધ અને જટિલ હોય છે. આમાં લઘુમતી જાતિની વસ્તી, જિપ્સિઓ અને પ્રવાસીઓ, ઘરબાર વિનાનાં લોકો, વિદ્યાર્થીઓ, આશ્રયસ્થાનની માગણી કરનારા અને શરણાર્થીઓ, રુપજીવીઓ અને કેદીઓનો સમાવેશ થાય છે. વેલ્સની યુનિવર્સિટી હોસ્પિટલ પણ એક નિષ્ણાત કેન્દ્ર તરીકે જટિલ જરુરિયાતોવાળા લોકોને આકર્ષે છે.
- **આરોગ્યમાં તફાવત** - દક્ષિણ પૂર્વ વિસ્તારમાં ખાસ કરીને જ્યાં 75 વર્ષથી ઓછી વયમાં બધાજ કારણોથી થતા મરણોનું પ્રમાણ ઉંચું છે, જન્મ વખતે ઓછું વજન ધરાવતા બાળકોની અને લિમિટિંગ લોન્ગ ટર્મ ઇલનેસ (LLTI) થી પીડાતા ઘરોની ટકાવારી ઉંચી છે, જે તેમને કામ કરવામાં, પ્રવૃત્તિમાં અથવા સ્વતંત્ર રહેવામાં મુશ્કેલી પેદા કરે છે.
- **આરોગ્ય પર અસર કરતા પરિબળો** - વિસ્તારોની અંદર અને તેમના વચ્ચે નોંધપાત્ર અસમાનતાઓ જોવા મળી હતી. એમાં શહેરના જુદા જુદા વિસ્તારો વચ્ચે બેરોજગારીના દરોનો દસઘણો તફાવત અને ઇન્કમ સપોર્ટ (આવકનો ટેકો) મેળવતા પરિવારોમાં રહેતા આશ્રિત બાળકોની ટકાવારીમાં મોટા તફાવતનો સમાવેશ થાય છે.

## જરૂરિયાતોનું ગુણાત્મક મૂલ્યાંકન

આ પરિણાત્મક માહિતીની પુરવણી 'હેવ યોર સે' ચર્ચા વિચારણા વર્કશોપ્સ, યુથ કોંગ્રેસ, 'યોર ફ્યુચર - યૂ ડિસાઇડ' વર્કશોપ્સ અને એક ચર્ચા વિચારણાને લગતી પ્રશ્નાવલિ સહિત ગુણાત્મક માહિતી દ્વારા કરવામાં આવી હતી. વર્કશોપ્સમાં ભાગ લેનારાંઓને વ્યૂહરચનામાં અગ્રતાઓ અને દરખાસ્તો વિકસાવવામાં અર્થપૂર્ણ રીતે સહભાગી બનાવવા માટે 'કમ્યુનિટી ઓરિઅન્ટેડ પ્રાઇમરી કેર' નામક ચકાસેલી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં ઉપાડવામાં આવેલા મુદ્દાઓનો બહોળો સારાંશ આપવા માટે દરેક વર્કશોપ્સમાં નક્કી કરેલી છ અગ્રતાઓનું પૃથક્કરણ હાથ ધરવામાં આવ્યું છે. તેમાં વિસ્તારો વચ્ચે સ્પષ્ટ સમાનતાઓ અને તફાવતો હતા અને નક્કી કરેલી 24 અગ્રતાઓમાંથી નવ વિષયો છે. વર્કશોપ્સનાં સંપૂર્ણ અહેવાલ હેલ્થ અલાયન્સની વેબસાઇટ પર દર્શાવવામાં આવ્યા છે.

- વૃદ્ધ લોકોની જરૂરિયાતો
- ગૃહનિર્માણ અને આવાસન
- નવા ગૃહનિર્માણ વિકાસમાં સમુદાયોનું એકત્રીકરણ
- યુવાન લોકોની જરૂરિયાતો
- યુવાન પરિવારોની જરૂરિયાતો
- પ્રાથમિક આરોગ્ય સંભાળ સેવાઓ
- ગુનો અને ગુનાનો ભય
- સમાનતા
- પરિવહન

## હાલની સેવાઓ કઇ છે?

સ્થાનિક વસ્તીના આરોગ્ય અને તંદુરસ્તીને ટેકો આપવા માટે NHS, સ્થાનિક અધિકારી, સ્વૈચ્છિક ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રમાં અપાતી આરોગ્ય અને સામાજિક સંભાળ સેવાઓની વિસ્તૃત શ્રેણી. તેમાં સામેલ છે:

**સ્થાનિક અધિકારી સામાજિક સેવાઓ**

- પુખ્તો માટે સેવાઓ
- બાળકો માટે સેવાઓ

**સ્થાનિક અધિકારી સામાજિક સેવાઓ**

- પુખ્તો માટે સેવાઓ
- બાળકો માટે સેવાઓ



**આરોગ્ય અને તંદુરસ્તીને ટેકો આપતી સ્થાનિક સેવાઓ**

- ગૃહનિર્માણ અને બેઘરપણું
- રોજગારની તકો
- શિક્ષણ અને તાલીમ
- યુવકો માટે સેવાઓ
- પર્યાવરણ આરોગ્ય / સેવાઓ
- નવરાશના સમયની સેવાઓ
- પરિવહન / સામુદાયિક પરિવહન

**સ્વૈચ્છિક ક્ષેત્રની સેવાઓ**

**ખાનગી ક્ષેત્રની સેવાઓ**

## કયા સાધનો ઉપલબ્ધ છે?

**આરોગ્ય સેવાઓનાં સાધનો** - વેલ્શ અસેમ્બ્લી ગવર્નમેન્ટ તરફથી 2004/5 વર્ષ માટે કાર્ડિફ લોકલ હેલ્થ બોર્ડ માટે £280.967m ની ફાળવણી કરાયી હતી. નીચે આપેલી આકૃતિ બતાવે છે કે તેનો ખર્ચ કેવી રીતે કરવામાં આવે છે.

### આરોગ્ય સેવાઓનાં સાધનો (£ms)



| | |
|---|---|
| હોસ્પિટલ અને સમુદાય/સેવાઓ | £187.637 |
| રક્ષિત સેવાઓ | £9.667 |
| સામન્ય તબીબી સેવાઓ | £33.612 |
| દવા સૂચવવી | £46.519 |
| વિના મૂલ્યે નર્સિંગ સંભાળ | £3.531 |

કાર્ડિફ LHB એ પૂર્વ બ્રો ટાફ હેલ્થ અથોરિટી પાસેથી £9.988m ની ઉધડતી ખાધ મેળવી છે. LHB તેનું નાણાંકીય સમતુલન 2006 સુધી પાછું મેળવે, 2009 સુધી વચગાળાની દલાલીની પરત ચુકવણી (£9.316m) કરે અને 2009 સુધી પૂર્વ બ્રો ટાફ હેલ્થ અથોરિટી દ્વારા લીધેલી લોનમાંના LHB ના ભાગની પરત ચુકવણી (£2.261m) કરે તેની ખાતરી કરવા માટે LHB એ કાર્ડિફ એન્ડ વેલ NHS ટ્રસ્ટ સાથે સંયુક્ત રીતે કામ કરીને સ્ટ્રેટજિક ચેન્જ એન્ડ એફિશિયન્સી પ્લાન વિકસાવ્યો છે. LHB આયોજનના ગાળા દરમિયાન નવા જોખમો સમાવવા માટે પર્યાપ્ત પરિવર્તનક્ષમતાની ખાતરી કરશે.

**સામાજિક સંભાળ નાણાં-વ્યવસ્થા** 2004/5 માં કાઉન્સિલ પાસે £401m નું કુલ ચોખ્ખું મહેસુલ બજેટ છે જેમાનાં આશરે £79m પુખ્તો અને બાળકોની સામાજિક સંભાળ માટે ફાળવવામાં આવ્યા હતાં. સામાજિક સંભાળમાં ખર્ચના મહત્વના ભાગો વિશેષ અનુદાન દ્વારા પૂરા પાડવામાં આવે છે. કાઉન્સિલને અમુક સેવાઓ માટે કિંમત વસુલવાનો વૈધાનિક અધિકાર છે. આ આવકના સાધનોના કારણે પુખ્તો અને બાળકોની સેવાઓ માટેનું એકંદર ખર્ચ બજેટ નીચે બતાવેલી આકૃતિ પ્રમાણે £106m છે.

### સામાજિક સંભાળ નાણાં-વ્યવસ્થા (£ms)



| | |
|---|---|
| પુખ્તો માટે સીધી સેવાઓ | £24.952 |
| પુખ્તો માટે નિયોજેલી સેવાઓ | £45.325 |
| બાળકો માટે સેવાઓ | £27.474 |
| કામગીરીનું સંચાલન, ટેકો, તાલીમ | £8.264 |

## કાર્ડિફમાં અમે કેવી રીતે આરોગ્ય, સામાજિક સંભાળ અને તંદુરસ્તી સુધારવા માગીએ છીએ

નક્કી કરેલી વ્યૂહરચના બધાજ ગ્રાહક જૂથો માટે દરખાસ્તો નિશ્ચિત કરે તે માટે સમગ્ર ગ્રાહક જૂથો/સેવા ક્ષેત્રો માટે દરખાસ્તો વિકસાવવા એક પ્રામાણિક ચર્ચા વિચારણ અને સહભાગિતાની પ્રક્રિયાનો ઉપયોગ કરવમાં આવ્યો. આ પ્રક્રિયાના કેન્દ્ર હતાં:

**'ટોક ઈન્ટૂ એક્શન' વર્કશોપ્સ** - 'હેવ યોર સે' વર્કશોપ્સને આગળ ધપાવતા 2004ની વસંત ઋતુમાં વધુ ચાર વર્કશોપ્સ રાખવામાં આવી. સ્થાનિક મુદ્દાઓ માટે સ્થાનિક સમાધાન શોધવા એ આ વર્કશોપ્સનું કેન્દ્રબિંદુ હતું. તેમનો લક્ષ્ય હતો ભાગીદારીમાં થતા કામકાજ અને નિષ્ણાત જાણકારીની વહેંચણીને પ્રોત્સાહન આપી હાલની સેવાઓનો પુનર્વિકાસ કરવા પર ધ્યાન આપવું. સ્થાનિક સેવાની

રૂપરેખા વિશે ભાગ લેનારાંઓએ આપેલી માહિતીએ સેવાની યોજના બનાવવામાં યોગદાન આપ્યું અને સંભવિત હસ્તક્ષેપો એડવાઇઝરી પ્લાનિંગ ગ્રૂપસ્‌ના ધ્યાન પર લાવવામાં આવ્યા. આથી ખાતરી કરાઇ કે મુખ્ય કાર્યકરો અને સ્થાનિક રહીશો આયોજનની કાર્ય પદ્ધતિમાં યોગદાન આપી શકે છે.

**સંયુક્ત આયોજન માળખાં -** વર્કશોપ્સમાંથી માહિતી એકત્ર કર્યા પછી સંયુક્ત આયોજન જૂથોએ નીચેનાં મુદ્દાઓની વિચારણાને આધારે વ્યૂહરચના માટે દરખાસ્તો તૈયાર કરી:

- જોવામાં આવતી જરૂરિયાતો
- કાયદા, રાષ્ટ્રીય નીતિયો અથવા સ્થાનિક સ્તરે સંમતિ અને ચર્ચા વિચારણ દ્વારા પહેલેથી નક્કી કરેલી યોજનાઓનાં કારણે 'જાણીતા' ગણાતા મુદ્દાઓ
- ચર્ચા વિચારણા અને સહભાગિતાની પ્રક્રિયાનાં પરિણામો
- સારી પદ્ધતિની જાણકારી
- વેનલેસ *રીવ્યુ ઓફ હેલ્થ એન્ડ સોશિયલ કેર ઇન વેલ્સ*નાં સિદ્ધાંતો

**બાળકો અને યુવાન લોકો -** વ્યૂહરચનાનો આ ભાગ ચિલ્ડ્રન એન્ડ યંગ પીપલ્સ ફ્રેમવર્ક પાર્ટનરશિપનાં સંદર્ભમાં તૈયાર કરવામાં આવ્યો હતો, જેણે શ્યોર સ્ટાર્ટ અને ચિલ્ડ્રન એન્ડ યુથ પાર્ટનરશિપને નાણાંકીય સહાય સહિત વિશિષ્ટ કાર્યક્રમોના આયોજન અને સંચાલન માટે કાર્ડિફમાં બહુસંસ્થાકીય અભિગમને આગળ ધપાવ્યો છે. જોકે એમ માનવામાં આવે છે કે હાલમાં મુખ્ય આરોગ્ય અને સામાજિક સંભાળ સેવાઓનું આયોજન ફ્રેમવર્ક માટેની આયોજન પ્રક્રિયાઓ સાથે ચલાવવામાં આવે છે, છતાં વૈધાનિક અને બિનવૈધાનિક સંસ્થાઓ બાળકો અને યુવાન લોકો માટે વ્યૂહાત્મક આયોજન પર ધ્યાન આપતી ફ્રેમવર્ક પાર્ટનરશિપ પ્રત્યે વચનબદ્ધ છે. આ દરખાસ્તો આરોગ્ય અને સામાજિક સંભાળ સેવાઓની આયોજન સંબંધિત કામગીરી સાથે વેનલેસ લોકલ એકશન પ્લાન સહિત પાર્ટનરશિપે બનાવેલી યોજનાઓનું સમન્વય છે. આ સંયુક્ત અભિગમ નીચે બતાવેલી આકૃતિ પ્રમાણે ખાસ કરીને ભાવાત્મક અને માનસિક આરોગ્ય, પારિવારિક ટેકા અને અપંગતા/જટિલ જરૂરિયાતોવાળા બાળકો સંબંધિત દરખાસ્તો માટે પ્રતિબિંબિત થાય છે.




**આરોગ્ય અસર મૂલ્યાંકન -** આ વ્યૂહરચનાનો અમલ અને તેની સમીક્ષા કરવામાં બધા ભાગીદારોને આરોગ્ય અસર મૂલ્યાંકનનો ઉપયોગ એક એવા યંત્ર તરીકે કરવા કહેવામાં આવશે જે આરોગ્ય, સામાજિક સંભાળ અને તંદુરસ્તીની વ્યૂહરચનાના વધુ વિકાસ માટે એક સમન્વિત અભિગમ વિકસાવવામાં મદદરૂપ બનશે. વ્યૂહરચનાને વિકસાવવાની પ્રક્રિયાના ભાગરૂપે એક જાતિ સમાનતા અસર મૂલ્યાંકન પૂરું કરવામાં આવ્યું. તેને કાર્ડિફ હેલ્થ અલાયન્સની વેબસાઇટ પર અલગથી પ્રકાશિત કરવામાં આવ્યું છે: **www.cardiffhealthalliance.org**

### બીમારીનાં મૂળ કારણોનું નિવારણ

કાર્ડિફની સામુદાયિક વ્યૂહરચના શહેરની આર્થિક, સામાજિક અને પર્યાવરણ સંબંધિત તંદુરસ્તી ને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વનાં લક્ષ્યો નિર્ધારિત કરે છે: તેમનો લક્ષ્ય:

- આજીવન શિક્ષણ અને તાલીમ
- પર્યાવરણ
- સમુદાયો, ગૃહનિર્માણ અને સામાજિક ન્યાય
- સાહસ અને પરિવહન
- રમતગમત, નવરાશ અને સંસ્કૃતિ

સુધારવાનો છે.

### આરોગ્યની અસમાનતાઓનું નિવારણ

કાર્ડિફનાં વિસ્તારોની અંદર અને તેમની વચ્ચે આરોગ્યની નોંધપાત્ર અસમાનતાઓ રહી છે. વેલ્સના મુખ્ય શહેર અને સૌથી મોટા મહાનગર ક્ષેત્ર તરીકે કાર્ડિફમાં મોટા શહેરને લગતી વિશિષ્ટ જરૂરિયાતોવાળા સમુદાયોની મોટી સંખ્યા છે. વિસ્તાર/વોર્ડ સ્તરની અસમાનતાઓ પર ધ્યાન આપતી કાર્યવાહી એડવાઇઝરી પ્લાનિંગ ગ્રૂપસનું કેન્દ્રબિંદુ રહેશે. તેમની અમલમાં લાવવાની યોજનાઓ વિકસાવવાની કામગીરી ખાતરી કરશે કે સ્થાનિક મુદ્દાઓ માટેનાં સ્થાનિક સમાધાનો નક્કી કરેલાં વ્યૂહાત્મક લક્ષ્યો અને ઉદ્દેશો પ્રમાણે છે.

આરોગ્ય, સામાજિક સંભાળ અને તંદુરસ્તીની વ્યૂહરચના માટે વિશિષ્ટ જરૂરિયાતોવાળા સમુદાયોને મહત્ત્વની અગ્રતાનો મુદ્દો માનવામાં આવ્યું છે. આ સમુદાયોને આશ્રયસ્થાનની માગણી કરનારા, જિપ્સિઓ અને પ્રવાસીઓ તથા HIV અને AIDS થી પીડાતા લોકો તરીકે ઓળખવામાં આવ્યાં છે. નીચાના ગ્રાહક જૂથ વિભાગમાં આશ્રયસ્થાનની માગણી કરનારા, જિપ્સિઓ અને પ્રવાસીઓ, બેઘર લોકો તથા HIV અને AIDS થી પીડાતા લોકોને લગતી વિશિષ્ટ દરખાસ્તો ઓળખવામાં આવી છે. બધી વિશિષ્ટ શાખાઓના આયોજનને સમન્વિત કરવા માટે એક જૂથ સ્થાપિત કરીને અશ્વેત અને લઘુમતિ જાતિ સમુદાયોની જરૂરિયાતો પર ધ્યાન આપવામાં આવશે.

### સ્થાનિક જરૂરિયાત પૂરી કરવા માટેની દરખાસ્તો

સ્થાનિક જરૂરિયાતના પ્રતિભાવમાં વિકાસ માટે મુખ્ય ક્ષેત્રો નિમ્નલિખિત ગ્રાહક જૂથો/સેવા ક્ષેત્રો પ્રમાણે ઓળખવામાં આવ્યા છે:

- સંવેદનશીલ સેવાઓ અને વારંવાર થતી બીમારીનું વ્યવસ્થાપન
- માનસિક આરોગ્ય
- વૃદ્ધ લોકો
- બાળકો અને યુવાન લોકો
- શારીરિક અને ઇન્દ્રિય અક્ષમતા
- શીખવાની અક્ષમતા
- સંભાળકર્તાઓ
- જેલના લોકોનું આરોગ્ય
- પદાર્થનો દુરૂપયોગ
- બેઘરપણું
- આશ્રયસ્થાનની માગણી કરનારા અને શરણાર્થીઓ
- જાતિય આરોગ્ય
- જિપ્સિઓ અને પ્રવાસીઓ

## વિગતવાર દરખાસ્તોનો સારાંશ

### સંવેદનશીલ સેવાઓ અને વારંવાર થતી બીમારીનું વ્યવસ્થાપન

- નર્સ પ્રેક્ટિશનરની આગેવાનીમાં વારંવાર થતી બીમારીનું વ્યવસ્થાપન મોડલ વિકસાવવા સહિત અસરકારક સેવાઓ વિકસાવવી.
- દર્દીઓને વધુમાં વધુ અનુકૂળ વાતાવરણમાં ઉચિત સમયે સારવાર આપવામાં આવે અને તેના દ્વારા સંવેદનશીલ સેવાઓની ક્ષમતા પરનો બોઝ હળવો થાય તેની ખાતરી કરવા માટે મધ્યસ્થ સંભાળ સેવાઓ વિકસાવવી.
- 2004-05માં કાર્ડિફ એન્ડ વેલ NHS ટ્રસ્ટની સાથે સંયુક્ત રીતે તબીબી સેવાઓની વ્યૂહરચનાની સમીક્ષા કરવી.
- નવી એમ્બ્યુલેટરી કોર સર્વિસ અને આઉટપેશન્ટનાં નવા મોડલો નિયોજિત કરીને ઓર્થોપેડિક સેવાઓ સુધારવા માટે એક અમલી યોજના વિકસાવવી.
- ઓલ-વેલ્સ કેન્સર ધોરણો પ્રમાણે કાયમ રાખી શકાય તેવી કેન્સર સેવા વિકસાવવી.
- સ્ત્રીઓ અને તેમનાં બાળકો માટે કાયમ રાખી શકાય તેવી તબીબી દૃષ્ટિએ સુરક્ષિત સેવાઓ.

### માનસિક આરોગ્ય

નીચે આપેલાં પગલાંથી માનસિક આરોગ્યની સમસ્યાઓવાળા પુખ્તોનું લાંબા ગાળા માટે આરોગ્ય, સામાજિક સંભાળ અને તંદુરસ્તી સુધારવાં:

- માનસિક આરોગ્યની સમસ્યાઓવાળા લોકો માટે સારા માનસિક આરોગ્યને પ્રોત્સાહન આપવું અને પ્રાથમિક સંભાળ સેવાઓ સુદૃઢ બનાવવી
- પ્રાથમિક સંભાળ સ્તર પર ઉપલબ્ધ સેવાઓની શ્રેણીનો ઉપયોગ કરવો.
- સમુદાય આધારિત સેવાઓની મર્યાદા અને ગુણવત્તામાં વધારો કરીને ખાતરી કરવી કે સેવાઓ સેવા વપરાશકારો અને તેમના સંભાળકર્તાઓની જરૂરિયાતો પૂરી કરે છે.
- માનસિક બીમારીના બનાવ દરમિયાન સેવા વપરાશકારો માટે બને તેટલો ઝડપી હસ્તક્ષેપ કરી શકાય તેની ખાતરી કરવી.
- જે લોકોને હોસ્પિટલની સંભાળની જરૂર પડે તેમને તે સંભાળ ઉચિત સમયે પરન્તુ જરૂર હોય એટલા સમય માટેજ મળે તેની ખાતરી કરવી.
- હોસ્પિટલની જૂની સુવિધાઓ બદલીને અદ્યતન સુવિધાઓ વસાવવી.
- જાહેર, સ્વૈચ્છિક અને ખાનગી સંગઠનો સેવાઓ પૂરી પાડવા માટે સમાન ભાગીદારો તરીકે સાથે મળીને કામ કરે તેની ખાતરી કરવી.

#### નિવારણ, આરોગ્ય વિકાસ, અગ્રતા અને સામુદાયિક સેવાઓ

- મેન્ટલ હેલ્થ પ્રમોશન એક્શન પ્લાનનો અમલ કરવો.
- પ્રાથમિક સંભાળ માનસિક આરોગ્ય સેવાઓ માટે એક વ્યૂહરચના વિકસાવવી.
- પ્રાથમિક સંભાળ સંપર્ક સેવા શરુ કરવી.
- શિક્ષણ, રોજગાર અને દિવસની સેવાઓની કાર્ય-યોજના અમલમાં મુકવી.
- પ્રાથમિક સંભાળ સેવાઓ સાથે 'શેર્ડ કેર' નો ઉપયોગ વધારવો.
- સંભાળકર્તાઓ માટે સુધારેલા પૂર્વયોજિત ટેકા માટે દરખાસ્તો વિકસાવવી.

### પહેલો સંપર્ક, મૂલ્યાંકન અને સંકટ હસ્તક્ષેપ

- વેલ્શ અસેમ્બ્લી ગવર્નમેન્ટના માર્ગદર્શન પ્રમાણે *સંભાળ કાર્યક્રમ અભિગમ* નો સંપૂર્ણ રીતે અમલ કરવો.
- સંકટ હસ્તક્ષેપ ટુકડી અને સંબદ્ધ સેવાઓ વિકસાવવી.
- સંકટ હસ્તક્ષેપને ટેકો આપવા માટે ટેકાકૃત આવાસન સેવા વિકસાવવી.
- એક્સ્ટેન્ડેડ આવર્સ સર્વિસ બધી સામુદાયિક માનસિક આરોગ્ય ટુકડીઓ માટે શરૂ કરવી.
- ઇનપેશન્ટ વ્યવસ્થાના વિકલ્પ તરીકે દિવસની હોસ્પિટલ વ્યવસ્થાનો પુનર્વિકાસ કરવો.
- હાલની 6 સામુદાયિક માનસિક આરોગ્ય ટુકડીઓનું 5 ટુકડીઓમાં પુનર્ગઠન કરવું અને વૃદ્ધ લોકો માટે એક ચૌથી સામુદાયિક ટુકડી સ્થાપિત કરવી
- સંકટ હસ્તક્ષેપ સેવાની અંદર બે ટુકડીઓ વિકસાવવી.

### નિષ્ણાત સંવેદનશીલ સેવાઓ.

- સમુદાયમાં લાંબા ગાળાની સંભાળ સેવાઓ વિકસાવવી અને ઇનપેશન્ટ આવાસન પરનો આધાર ઘટાડવો.
- કસોટી કરતા આચરણ માટે સ્થાનિક સેવા વિકસાવવી.

અન્ય મહત્ત્વની દરખાસ્તોમાં સામેલ છે:

- દિવસની સેવા વ્યવસ્થાને પુનરૂત્થાન પર કેંદ્રિત કરવા માટે પુનર્ગઠિત કરવું અને સમુદાયમાં તેનું એકીકરણ કરવું.
- માનસિક આરોગ્ય સેવાઓ માટે એક સંયુકત નિયોજન વ્યૂહરચના વિકસાવવી.
- માનસિક આરોગ્ય માટે એક સંયુકત કર્મચારી યોજના વિકસાવવી.
- રૂપરેખામાં પરિવર્તન સૂચવવા માટે બધી સેવાઓમાં હાલનાં નાણાંકીય સાધનો ચકાસવા.
- એકીકૃત સેવા તરફ પહેલા તબક્કા તરીકે આરોગ્ય અને સ્થાનિક અધિકારી બજેટને સહિયારું બનાવવા માટે દરખાસ્તો વિકસાવવી.

## વૃદ્ધ લોકો

### સામાન્ય

- કાર્ડિફની વૃદ્ધ લોકો માટેની વ્યૂહરચનામાં વૃદ્ધ લોકોની આરોગ્ય અને તંદુરસ્તીની જરૂરિયાતો પર ધ્યાન આપવામાં આવે તેની ખાતરી કરવી.
- વૃદ્ધ લોકોને સાંસ્કૃતિક રીતે સંવેદનશીલ સેવાઓ ઉપલબ્ધ થાય તેની ખાતરી કરવી.

### આરોગ્ય વિકાસ અને બીમારીનું નિવારણ તથા સમુદાયમાં વૃદ્ધ લોકોની વ્યવસ્થા કરવી

- વૃદ્ધ લોકો માટે એજીંગ વેલ એકશન પ્લાનનો અમલ કરવો.
- પડતાં અટકાવવા માટેની વ્યૂહરચના અને તેને લગતી રસ્તામાં અપાતી સંભાળ વિકસાવવી.
- વૃદ્ધ લોકોના આરોગ્યને પ્રોત્સાહન આપવા માટે એક સ્ક્રીનિંગ મોડલ વિકસાવવું.
- ટેકાકૃત આવાસનમાં સહાયક ટેકનોલોજીનો ઉપયોગ વિકસાવવો.
- વધારાની સંભાળનો સમાવેશ કરતી ગૃહનિર્માણ યોજનાઓની શ્રેણી સહિત ઉદ્દેશપૂર્ણ આવાસનનો લાંબા ગાળાના વિકાસની તપાસ કરવી.
- નર્સ પ્રેક્ટિશનરની આગેવાનીમાં વારંવાર થતી અનેક બીમારીઓથી પીડાતા વૃદ્ધ લોકો માટેના મોડલનો અમલ કરવો.
- ધનિષ્ટ ગૃહસંભાળ ટેકાને 24 કલાકની સેવા આપવા માટે લંબાવવું.

### સંવેદનશીલ અને સંકટ સેવાઓ

- સંભાળના વિલંબિત સ્થળાંતરનો કાર્યક્રમ વિકસાવવો અને તેનો અમલ કરવો.
- હોસ્પિટલમાં વૃદ્ધ લોકો પ્રત્યેનું વલણ અને તેમની સારવાર સુધારવા માટેની દરખાસ્તો વિકસાવવી.
- ઈનપેશન્ટ સેવાઓ માટે વૃદ્ધ લોકો સાથે ચર્ચા વિચારણાની પ્રક્રિયાઓ વિકસાવવી.
- તબીબી ટુકડીના વ્યવસ્થાપનમાં ટેકો આપતી દિવસની હોસ્પિટલોની ભૂમિકાની સમીક્ષા કરવી.

### મધ્યસ્થ સંભાળ

- વધુમાં વધુ સતત સંભાળ મળે તે માટે મધ્યસ્થ સંભાળ સેવાની બહોળી શ્રેણીને એક સ્થળ પર એકત્ર કરવી.
- 'ક્લોઝર ટૂ હોમ' મધ્યસ્થ સંભાળ વ્યૂહરચનાની સમીક્ષા કરવી અને વ્યક્તિગત સેવાઓની ભૂમિકા વિશે સ્પષ્ટીકરણ આપવું.
- 'ક્લોઝર ટૂ હોમ' માં કરેલ દરખાસ્ત પ્રમાણે સેવાઓ ફેલાવવી અને મધ્યસ્થ સંભાળનાં મોડલો વિકસાવીને વિવિધ પ્રકારની સંભાળ મળે તેની ખાતરી કરવી.
- હાલની મધ્યસ્થ સંભાળ સેવાઓ માટે લાંબા ગાળાની નાણાંકીય સહાયને ટેકો આપતી એક નાણાંકીય સહાય વ્યૂહરચના વિકસાવવી.

### લાંબા ગાળાની સંભાળ

- વૃદ્ધ લોકોની લાંબા ગાળાની સંભાળ વિકસાવવા માટે એક સ્પષ્ટ સંયુક્ત સ્વપ્ન પર સંમત થવું.
- આ ક્ષેત્રમાં ક્ષમતા વિકસાવવા માટેની યોજના સૂચવવા માટે વૃદ્ધ લોકો અને તેમના સંભાળકર્તાઓ માટે સ્વૈચ્છિક અને સામુદાયિક પ્રવૃત્તિ ચકાસવી.
- હાલની બજાર ક્ષમતા સ્થિર કરવા માટે નવા પ્રદાતાઓને સ્વતંત્ર સંભાળનાં ગૃહ ક્ષેત્રમાં પ્રોત્સાહિત કરવું.
- અશક્ત અને માનસિક રીતે બીમાર વૃદ્ધો માટે હોસ્પિટલની બહારના સ્થાને એક લાંબા ગાળાના સંભાળ એકમના વિકાસ અને નિયોજન માટે તપાસ કરવી.

## બાળકો અને યુવાન લોકો

### બાળકોની સામાજિક સેવાઓનું નિયોજન કરવા માટે વ્યૂહરચનાની અગ્રતાઓ

- કાર્યક્ષમ મૂલ્યાંકન અને સંભાળ વ્યવસ્થાપક ટુકડીઓ વિકસાવવી.
- સારા પરિણામો લાવવામાં મદદ કરવા માટે ઉપલબ્ધ સેવાઓની શ્રેણીને વિકસાવવી.
- જે બાળકોની સંભાળ કરવામાં આવે છે તેમના માટે રહેવાની જગ્યા મેળવવામાં સુધારો.
- આરોગ્યમાં અપંગ અને આરોગ્યની વિશિષ્ટ જરૂરિયાતોવાળા બાળકો માટે મૂલ્યાંકન, સંભાળના આયોજન, હસ્તક્ષેપ અને સમીક્ષા તથા બાળકો અને તેમના પરિવારોની જરૂરિયાતો પૂરી કરવા માટે ઉપલબ્ધ સેવાઓની શ્રેણી વિકસાવવા માટે નજીકની સંયુક્ત કામગીરી વિકસાવવી.
- સંભાળ છોડી દેતા લોકો માટે આવાસન વિકલ્પો સહિત સારી સેવાઓની શ્રેણીની ખાતરી કરવા, સ્વતંત્ર જીવનને ટેકો આપતી સેવાને ટેકો આપવા અને વિકસાવવા માટે ક્ષમતામાં વધારો કરવો.
- બાળકો અને તેમના પરિવારોની સહભાગિતા અને સામેલગીરીને ટેકો આપવા અને વિકસાવવા માટે પૂરતી નાણાંકીય સહાય મળે તેની ખાતરી કરવી.
- વ્યૂહાત્મક નિયોજનનું આધાર-માળખું વિકસાવવું.

આ સિવાય, યૂથ ઓફેન્ડિંગ ટીમ (યુવક ગુનેગાર ટુકડી) નીચેના સહિત કેટલાક વિશિષ્ટ મુદ્દાઓ પર ધ્યાન આપશે:

- તે ઉદ્દેશ માટે યોગ્ય છે અને યૂથ જસ્ટિસ બોર્ડની (યુવક ન્યાય મંડળ) જરૂરિયાતોને પૂરી કરવામાં ટુકડીને મદદ કરે છે તેની ખાતરી કરવા માટે તેના માળખાની સમીક્ષા કરવી.
- સંદર્ભ હુકમ પેનલોનું સ્થાપન.
- માતા-પિતા અને ભોગ બનેલી વ્યકિત સાથે તેની કામગીરી વધારવી.
- હસ્તક્ષેપના ટેકા સાથે અંતિમ ચેતવણીઓની સંખ્યા વધારવી.

## કાર્ડિફ ચિલ્ડ્રન્સ પાર્ટનરશિપ - કાર્યવાહી માટેની અગ્રતાઓ

- ભાવાત્મક આરોગ્યમાં સ્થાનિક પદ્ધતિ અને પહેલોને પ્રોત્સાહન આપવું, જે બાળકો અને યુવાન લોકોને તેમના જીવનમાં તાણના સમયે માનસિક આરોગ્યની સમસ્યાથી મુક્ત રહેવામાં, અથવા તેની અસરને ઓછામાં ઓછી રાખવામાં અને તે સમસ્યાઓમાંથી બહાર આવવામાં મદદ કરે.
- જટિલ માનસિક આરોગ્યની સમસ્યાઓથી પીડાતા બાળકો અને યુવાન લોકોની જરૂરિયાતો પર ધ્યાન આપવા માટે એપ્રિલ 2005થી નવી સેવાનું નિયોજન કરીને સમુદાય આધારિત બાળકો અને કિશોરો માટે નિષ્ણાત માનસિક આરોગ્ય સેવાઓમાં વૃદ્ધિ કરવી.
- ઓક્ટોબર 2008 સુધીમાં માતા-પિતા અને વૈધાનિક, સ્વૈચ્છિક અને ખાનગી ક્ષેત્રોમાંના ભાગીદારો સાથે એક પારિવારિક ટેકા વ્યૂહરચના વિકસાવવી.
- ઓક્ટોબર 2008 સુધીમાં અપંગતા અને જટિલ જરૂરિયાતોવાળા બાળકો માટેની સેવાઓ માટે વ્યૂહરચના વિકસાવવી.
- સ્થાનિક બાળકોની સંભાળ વ્યૂહરચના તૈયાર કરવામાં યોગદાન આપી શકે એવાં માનવ અને નાણાંકીય સાધનોની શ્રેણી નિશ્ચિત કરવી.
- બાળકોની સંભાળના ક્ષેત્રમાં નિમણૂંક અને નિરંતર વ્યાવસાયિક વિકાસને ટેકો આપવા માટે એક વાર્ષિક તાલીમ યોજના વિકસાવવી.
- બાળકો અને યુવાન લોકોની માહિતી સેવા સ્થાપિત કરવી અને વિકસાવવી.
- પાર્કો અને નવરાશની સુવિધાઓ દ્વારા અપાતી સેવાઓ પૂરી પાડવામાં બાળકોની જરૂરિયાતો પર ધ્યાન આપવું.
- બધા બાળકો અને યુવાન લોકો પડકારભરી સુરક્ષિત આંનદદાયક રમતની તકો મેળવી શકે તેની ખાતરી કરવા માટે સેવાઓ પૂરી પાડવી.
- કાર્ડિફ પુસ્તકાલય સેવાએ અપનાવેલ પ્રવૃત્તિયો માટે ટેકો નિશ્ચિત કરવો.
- સામુદાયિક કલા વિકાસની વ્યૂહરચના વિકસાવવી.
- યુવક સેવા અને અન્ય ભાગીદારો વતી બાળકો અને યુવાન લોકો માટે શનિરવિ અને રજાની જોગવાઇ વધારવી.
- બાળકોમાં વેલ્શ ભાષાનો સામાજિક ઉપયોગ વધારવો.
- એપ્રિલ 2005 સુધીમાં બધા ભાગીદારો દ્વારા સમર્થિત એક બંધારણ અને ભાગીદારીના કામકાજની વ્યવસ્થાઓ વિકસાવવી.
- ઓક્ટોબર 2005 સુધીમાં ચિલ્ડ્રન એન્ડ યંગ પીપલ્સ પાર્ટનરશિપ ફ્રેમવર્કને પ્રોત્સાહન આપવા માટે વ્યૂહરચના વિકસાવવી.
- જૂન 2005 સુધીમાં ચિલ્ડ્રન એન્ડ યંગ પીપલ્સ પાર્ટનરશિપ ફ્રેમવર્ક અને સંબંધિત બાહ્ય સંસ્થાઓ વચ્ચે પ્રોટોકોલ વિકસાવવા.
- ફેબ્રુઆરી 2005 સુધીમાં પાર્ટનરશિપ ફ્રેમવર્કની કામગીરીની સમીક્ષા કરવી અને ત્યારબાદ દર વર્ષે તેના પરિણામોપરથી પગલાં લેવાં.
- ઓક્ટોબર 2008 સુધીમાં મૂલ્યાંકન પ્રક્રિયાઓના પુરાવાના આધારે પાર્ટનરશિપ શિક્ષણ અને નિર્ણયના કાર્ય માટેની કાર્ય પદ્ધતિ વિકસાવવી.

**કાર્ડિફ યંગ પીપલ્સ પાર્ટનરશિપ - કાર્યવાહી માટેની અગ્રતાઓ**

- નિર્ણયના કાર્યમાં બાળકો અને યુવાન લોકોનો સમાવેશ કરવા માટે કાર્ય પદ્ધતિયો અને ટેકો ઉપલબ્ધ છે તેની ખાતરી કરવી.
- યુવાન લોકોની સાર્વત્રિક સામાન્ય હકદારીઓની જાહેરાત કરવા અને જાગરુકતા વધારવા માટે એક સ્થાનિક વ્યૂહરચના વિકસાવવી અને અમલમાં લાવવી.
- યુવાન લોકોને સામુદાયિક અને સ્વૈચ્છિક અનુભવો મેળવવાની તકો સુધારવા માટે લર્નિંગ પાથવેઝ 14 -19 પ્લાન વિકસાવવો.
- શિક્ષણ, તાલીમ અને રોજગાર સાથે સંકળાયેલા ન હોય તેવા યુવાન લોકોની સંખ્યા ઘટાડવા માટે કીપિંગ ઇન ટચ (સંપર્કમાં રહેવું) વ્યવસ્થાઓ વિકસાવવી.
- CCET દ્વારા કાર્ડિફ માટે યુવાન લોકોની જરૂરિયાતોના સંબંધમાં એક સામાન્ય કુશળતાઓની વ્યૂહરચના વિકસાવવી અને અમલમાં લાવવી.
- યુવાન લોકો માટે નવરાશની, સાંસ્કૃતિક અને મનોરંજનની પ્રવૃત્તિયો સહિત સ્કૂલ બહારની પ્રવૃત્તિયોનો ઉપયોગ મેળવવામાં સુધારો કરવો.
- જાતિય આરોગ્ય માટેની સલાહ પર ખાસ ધ્યાન આપીને યુવાન લોકો માટે આરોગ્યના ક્ષેત્રોમાં નક્કી કરેલી જરૂરિયાતો પૂરી કરવી.
- યુવાન લોકોને માહિતી અને સલાહ મેળવવામાં સુધારો કરવા માટેની એક સ્થાનિક વ્યૂહરચના વિકસાવવી.
- યુવાન લોકોને વ્યક્તિગત ટેકો અને માર્ગદર્શન આપીને કાર્ય પદ્ધતિયોને વધુ વિકસાવવી અને સુધારવી.
- યુવાન લોકોની ભાવાત્મક તંદુરસ્તી પર ધ્યાન આપવા માટેની કાર્યવાહી ઓળખીને તેની અગ્રતા નિશ્ચિત કરી તેને અમલમાં લાવવું.
- બાળકો અને યુવાન લોકો સાથે કામ કરતાં સંગઠનો વચ્ચે માહિતીની આપલે કરવા માટેની વ્યવસ્થાઓ વિકસાવવી અને અમલમાં લાવવી.
- પાર્ટનરશિપે વિશિષ્ટ રીતે નક્કી કરેલી જરૂરિયાતો પૂરી કરવા માટે સંયુક્ત તાલીમની પ્રવૃત્તિયો વધારવી.
- સમગ્ર યંગ પીપલ્સ પાર્ટનરશિપમાં કાર્યવાહી માટે અગ્રતાનાં ક્ષેત્રો નિશ્ચિત કરવા જરૂરિયાતની ફેર તપાસણી હાથ ધરવી.

## શારીરિક અને ઇન્દ્રિય અક્ષમતાઓ

નીચેના પગલાં દ્વારા શારીરિક અને ઇન્દ્રિય અક્ષમતાઓથી પીડાતા લોકોના આરોગ્ય, સામાજિક સંભાળ અને તંદુરસ્તીને લાંબા ગાળા માટે પ્રોત્સાહન આપવું:

- અશક્ત અથવા સંવેદનશીલ હોય તેવા શારીરિક અક્ષમતાઓથી પીડાતા લોકોનું રક્ષણ કરવું.
- આરોગ્ય અને સામાજિક સંભાળ (સ્વૈચ્છિક ક્ષેત્ર સહિત), ગૃહનિર્માણ અને સંબંધિત સેવાઓમાંથી ખામીરહિત અને પૂરક ટેકો આપવો.
- ખાતરી કરવી કે લોકો જે સેવાઓ પર આધાર રાખે છે તેમની વ્યવસ્થા લોકોની જરૂરિયાતો પૂરી કરવા માટે થાય છે અને તેમને જાળવી શકાય તેવી નાણાંકીય સહાય પૂરી પાડી શકાય.
- પરિવહન, ઉપયોગ, હરવાફરવા અને કાર્ડિફનાં વધારે પડતા ગ્રામીણ ક્ષેત્રોમાં રહેવા બાબતની સમસ્યાઓ પર ધ્યાન આપવું.
- શારીરિક અક્ષમતાઓથી પીડાતા લોકો સાથે ભેદભાવભર્યા વર્તનનું નિવારણ.
- આજીવન શિક્ષણ અને મનોરંજન/નવરાશ અને કામની તકો મેળવવા માટે પ્રોત્સાહિત કરવું.
- શારીરિક અક્ષમતાઓથી પીડાતા લોકો તરફ સકારાત્મક વલણ અને તેમના સમાવેશને પ્રોત્સાહન આપવું.

## આરોગ્ય વિકાસ/નિવારણ

- શારીરિક અક્ષમતાઓથી પીડાતા લોકોના આરોગ્યને પ્રોત્સાહન આપતી અને તેમની અવસ્થા જાળવી રાખતી હાલની સેવાઓમાંની કમીઓ શોધવી અને ચકાસવી.
- અપંગ લોકોનાં સકારાત્મક વલણને પ્રોત્સાહન આપતાં સ્થાનિક ઝુંબેશો વિકસાવવી અને તેમનું રાષ્ટ્રીય ઝુંબેશો સાથે જોડાણ કરવા માટેનાં વિકલ્પોની તપાસ કરવી.
- સંભાળકર્તાઓ માટે સેવાઓની વધુ પરિવર્તનક્ષમ શ્રેણી વિકસાવવી.
- શારીરિક અને ઇન્દ્રિય અક્ષમતાઓથી પીડાતા લાકોની જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં આવે છે તેની ખાતરી કરવા માટે કર્મચારી તાલીમની તકો વધારવી.

## સ્વતંત્ર જીવન

- સંયુક સહાય/સાધનસામગ્રી સેવાની સમીક્ષા પૂરી કરવી અને તેનો અમલ આગળ વધારવો.
- વ્હીલચેર વ્યૂહરચનાના વિકાસમાં ભાગ લેવું, જેની આગેવાની હેલ્થ કમીશન વેલ્સ કરી રહ્યું છે.
- શારીરિક અક્ષમતાઓથી પીડાતા લોકો માટે સુલભતાની ખાતરી કરવા નવી ગૃહનિર્માણ સામગ્રી વિકસાવવા માટે ગૃહનિર્માન સંસ્થાઓ સાથે કામ કરવું અને અનુકૂલિત ગૃહનિર્માણમાં યોગ્ય સુવિધાઓ છે તેની ખાતરી કરવા OTs નો સમાવેશ કરવો.
- બીજે ક્યાંક વપરાતી ઉત્તમ પદ્ધતિને ગણતરીમાં લેવા માટે 65થી ઓછી વયનાં લોકો માટે પુનર્વસન સેવા આપવાનું મોડલ વિકસાવવું અને ખાતરી કરવી કે સેવાઓ સંકટ પછી સિવાયની બીજી રીતે પણ લેવામાં આવે.
- 65 વર્ષથી ઓછી વયનાં લોકોની જરૂરિયાતો પર ધ્યાન આપવા હાલની પુનર્વસન યોજનાની ક્ષમતા વધારવા માટે દરખાસ્તો વિકસાવવી.
- દાખલ થતાં અટકાવતી સામુદાયિક ચિકિત્સા સેવાઓ માટે પ્રાથમિક સંભાળનો ઉપયોગ સુધારવા માટેના હાલના પુરાવાનું સંશોધન કરવું.
- હાલની ડાઇરેક્ટ પેમેન્ટ્સ સ્કીમ ફરી દાખલ કરવા અને તેનું વિસ્તરણ કરવા માટે જરૂરી વધારાની ક્ષમતા નિશ્ચિત કરવી.
- "જાળવણી સેવાઓ" માટેની માંગની ગણતરી કરવી, સારી પદ્ધતિ તપાસવી અને સ્વૈચ્છિક ક્ષેત્રની સેવાઓનાં વિસ્તરણ માટે દરખાસ્તો વિકસાવવી.
- એક સમુદાય આધારિત સંકટ હસ્તક્ષેપ ટુકડી માટે દરખાસ્તો વિકસાવવી.
- કાર્ડિફમાં સામુદાયિક સેવાઓની સુલભતા પર અપંગ લોકોનાં અભિપ્રાય જાણવા.
- બેવડી ઇન્દ્રિય ઇજાવાળા લોકોની જરૂરિયાતો પૂરી કરવા વધુ નિષ્ણાત સેવાઓ પૂરી પાડવા માટે સ્વૈચ્છિક સંગઠનો સાથે કામ કરવું.
- ગૃહનિર્માણ માટે યોગ્ય ટેકો આપવામાં આવે તેની ખાતરી કરવા માટે સાથે કામ કરવાની એક સુસંગત રીત વિકસાવવી.

## બદલી/મધ્યસ્થ સંભાળ

- દિવસની સંભાળ સુવિધાઓનો ઉદ્દેશ સ્પષ્ટ કરવો અને સેવા પૂરી પાડવામાં વધુ પરિવર્તનક્ષમતા માટેની તકો શોધવી.
- "દિવસની સંભાળ" નાં વૈકલ્પિક મોડલો શોધવા માટે શિક્ષણ, નવરાશ અને રોજગાર સંસ્થાઓ સાથે જોડાણો લંબાવવા.
- પ્રતિભાવશીલ સેવાઓની ખાતરી કરવા માટે બદલીને લગતું બહુસંસ્થાકીય આયોજન સુધારવું.

## લાંબા ગાળાનો/નિરંતર નિવાસ અને નર્સિંગ

- બજારને સ્થાનિક જરૂરિયાતના પ્રતિભાવમાં સેવાઓ વિકસાવવા પ્રોત્સાહિત કરવા માટે નિયોજન પ્રક્રિયાનો ઉપયોગ કરવો.
- દવાખાનાઓમાં ચિકિત્સાઓ પૂરી પાડવાની સંભવિત અસરકારકતાનું મૂલ્યાંકન કરવું, જરૂરિયાતની ગણતરી કરવી, સારી પદ્ધતિની તપાસ કરવી અને દરખાસ્તો વિકસાવવી.

## શીખવાની અક્ષમતા

નીચેનાં પગલાં દ્વારા શીખવાની અક્ષમતાથી પીડાતા લોકોના આરોગ્ય, તંદુરસ્તી અને સામાજિક સામેલગીરીને લાંબા ગાળા માટે પ્રોત્સાહિત કરવા:

- શીખવાની અક્ષમતાથી પીડાતા લોકોની સેવાઓ માટે સંયુક્ત મૂલ્યાંકન પ્રક્રિયા અમલમાં લાવવી.
- લર્નિંગ ડિસેબિલિટી ફોરમ દ્વારા નવી સંયુક્ત નિયોજન પ્રક્રિયા વિકસાવવી.
- શીખવાની અક્ષમતાથી પીડાતા સંવેદનશીલ લોકોનાં કલ્યાણનું રક્ષણ કરવું.
- શીખવાની અક્ષમતાથી પીડાતા લોકો માટેની સંભાળ અને ટેકાનાં ધોરણો વધારવા.
- સ્વતંત્રતા અને સામાજિક સામેલગીરીને પ્રોત્સાહન આપવા લોકોને તેમાના ઘરોમાં અને સમુદાયોમાં રહેવા માટે ટેકો આપવો.
- બધા સેવા પ્રદાતાઓ પાસેથી ખામીરહિત અને પૂરક સેવા ટેકો હાંસલ કરવો.
- શીખવાની અક્ષમતાથી પીડાતા લોકોને આપવામાં આવતી સેવાઓ તેમની વ્યક્તિગત જરૂરિયાતો પૂરી કરે છે તેની ખાતરી કરવી.
- શીખવાની અક્ષમતાથી પીડાતા લોકોના આરોગ્યને રક્ષણ અને પ્રોત્સાહન આપવું.
- શીખવાની અક્ષમતાથી પીડાતા લોકો પ્રત્યે ભેદભાવભર્યા વર્તન સામે પ્રતિકાર કરવો અને તેમની સારી છબી રજૂ કરવી.
- શીખવાની અક્ષમતાથી પીડાતા લોકોને ચર્ચાઓમાં અને તેમની સંભાળ બાબતે અર્થપૂર્ણ રીતે નિર્ણયો લેવામાં મદદ કરવી.
- ખાતરી કરવી કે વપરાશકારો અને સંભાળકર્તાઓ માટેની માહિતી તે વ્યક્તિને ઉપલબ્ધ હોય એવી ભાષા અને ફોર્મેટમાં હોય.
- ખાતરી કરવી કે શીખવાની અક્ષમતાથી પીડાતા લોકોને તેમના હકકો, પસંદગીઓ, ઉપલબ્ધ ટેકા, સેવાઓ અને લાભો બાબતે માહિતી સંપૂર્ણપણે મેળવે.

### આરોગ્ય વિકાસ/નિવારણ

- સેવા વપરાશકારો સાથે મળીને શીખવાની અક્ષમતાથી પીડાતા લોકો માટે તંદુરસ્ત જીવનપદ્ધતિ અપનાવવાનો સંભવિત તકો વિકસાવવો.
- કેરર્સ એડવાઇઝરી પ્લાનિંગ ગ્રૂપ સાથે કામ કરીને વયના સારાંશ સહિત સંભાળકર્તાઓની જરૂરિયાતોની સમીક્ષા કરવી.
- રિસ્પાઇટ કેર(રાહત સંભાળ)ની સમીક્ષાની ભલામણો અમલમાં લાવવી.

### સ્વતંત્ર જીવન

- સ્થળાંતર આવાસનની જરૂર હોય તેવા જટિલ અને/અથવા કસોટી કરતા આચરણવાળા લાકો માટે આવાસનની પસંદગી વધારવી.
- શીખવાની અક્ષમતાથી પીડાતા વૃદ્ધ લોકોની સંભવિત શારીરિક અશક્તતા માટેની જરૂરિયાતને ગણતરીમાં લેવા તેમાનો કરકસરયુક્ત અને કુશળ ઉપયોગ કરવા માટે ક્ષેત્રો અને વિસ્તારોમાં આવાસનનાં સાધનો સહિયારા કરવાનું કામ કરવું; અને યુવાન લોકો માટેની જરૂરિયાતો, જે તેમના પારિવારિક રહેઠાણથી સ્વતંત્રતા માટેની તેમની બદલતી અપેક્ષાને ગણતરીમાં લે.
- શીખવાની અક્ષમતાથી પીડાતા લોકો માટેની દરખાસ્તોના સૂચનો ધ્યાનમાં લેવાય છે તેની ખાતરી કરવા માટે વ્યૂહાત્મક ઘટનાઓની સમીક્ષા કરવી અને તેમને પ્રતિભાવ આપવો.
- ડાઇરેક્ટ પેમેન્ટ સ્કીમનાં માપદંડ પૂરા કરતાં લોકો તેમના સંભાળ પ્રદાતાઓનું વ્યવસ્થાપન કરી શકે તે માટે તેમને ટેકો આપતું એક તંત્ર દાખલ કરવું.
- ટેકો આપતી સેવાઓની સ્વતંત્ર સમીક્ષા પૂરી કરવી અને યોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તેની ખાતરી કરવા માટે દરખાસ્તો નિશ્ચિત કરવી.

**બદલી/મધ્યસ્થ સંભાળ**

- દિવસની સંભાળની વ્યૂહાત્મક સમીક્ષા પૂરી કરવી અને રોજગાર, નવરાશ, શિક્ષણ અને રાહત અને ચિકિત્સામાં અર્થપૂર્ણ/પરિવર્તનક્ષમ તકો માટે દરખાસ્તો નિશ્ચિત કરવી.
- જરૂરિયાતો અને સાધનોના હાલના ઉપયોગનો સારાંશ કાઢવો અને ભવિષ્ય માટે બદલી સંભાળ સેવા આપવા માટે અગ્રતાઓ નિશ્ચિત કરવી.

**લાંબા ગાળાની/નિરંતર સંભાળ**

- હાલમાં અપાતી નિષ્ણાત સેવાની સમીક્ષા કરવી અને સ્થાનિક જરૂરિયાત માટે સ્થાનિક સેવા વિકસાવવા બજારને પ્રોત્સાહિત કરવા માટે નિયોજન પ્રક્રિયા વાપરવી.
- હાલમાં અયોગ્ય રીતે પોતાનાં વિસ્તારમાંથી બહાર મુકાયેલા લોકોને પાછા ફરવામાં મદદ કરવા માટેની સેવાઓ વિકસાવવી.

**સંભાળનાં ધોરણો**

- માનવ સાધનોની નીતિયોની શ્રેણી ઘડીને સેવા પ્રદાતાઓ દ્વારા અપાતી સંભાળનું સાતત્ય સુધારવું.
- સંવેદનશીલ/ગૌણ/પ્રાથમિક સંભાળમાંનાં કર્મચારીઓમાં શીખવાની અક્ષમતાનાં મુદ્દઓની સગવડતા અને શિક્ષણની સુગમતા માટે એક નર્સ કન્સલ્ટન્ટનો પદ સ્થાપવો.
- શીખવાની અક્ષમતાથી પીડાતા લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં આવે છે તેની ખાતરી કરવા માટે તાલીમની તકો વધારવી, ખાસ કરીને સામાન્ય આરોગ્ય સંભાળ કર્મચારીઓ અને નવરાશની સુવિધાઓનાં કર્મચારીઓ માટે.

## સંભાળકર્તાઓ

*કાર્ડિફ કેરર્સ પ્લાન*માંથી લીધેલાં વ્યૂહાત્મક લક્ષ્યો છે:

- સંભાળકર્તાના આરોગ્યને પ્રોત્સાહન આપવું અને તેનું રક્ષણ કરવું અને ખાતરી કરવી કે તેમની જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં અને પૂરી કરવમાં આવે છે.
- ટેકા સંભાળકર્તા જાળવી શકાય તેવી નાણાંકીય સહાયની મદદથી સંભાળ કરવાનું કામ ચાલુ રાખી શકે તે માટે ખાતરી કરવી કે તેમને વિવિધ પ્રકારનો ટેકો ઉપલબ્ધ થાય છે.
- વ્યકિતગત જરૂરિયાતો પૂરી કરવા માટે સુગમ, પ્રસંગોચિત, વાસ્તવિક રીતે સાચી માહિતી વિવિધ ભાષાઓ અને ફોર્મેટ્સમાં પૂરી પાડવી.
- ખાતરી કરવી કે સંભાળકર્તાઓની ભૂમિકાને પોતે સંભાળકર્તાઓ અને વ્યાવસાયિકો પણ માન્ય કરે છે.
- સંભાળકર્તાઓ સંભાળ લેતી વ્યકિતની સંભાળ કરી શકે તે માટે ને તાલીમ અને સલાહ આપીને ટેકો આપવો અને સંભાળકર્તાઓને ઓળખવા અને ટેકો આપવા માટે વ્યાવસાયિકોની કુશળતાઓ વધારવી.
- સંભાળકર્તાઓને યોગ્ય, પરિવર્તનશીલ સેવાઓ અને તેમને મદદ આપતી નીતિયો દ્વારા રોજગાર ટકાવી રાખવા અથવા મેળવવા માટે ટેકો આપવો.
- સંભાળકર્તાઓને સમાન ભાગીદારો તરીકે સેવાઓનું આયોજન કરવા અને સેવાઓ પૂરી પાડવામાં સામેલ કરવા.
- સંભાળકર્તાઓનાં મુદ્દાઓ ધ્યાનમાં લેવા માટે વૈધાનિક, સ્વૈચ્છિક અને ખાનગી ક્ષેત્ર વચ્ચે સંયુકત ભાગીદારી થાય તેની ખાતરી કરવી.
- કોઇ પણ લિંગ, વર્ણ, સંસ્કૃતિ, અક્ષમતા, વય અને જાતિય વલણવાળા સંભાળકર્તાઓને ટેકો અને સેવાઓ ઉપલબ્ધ થાય તેની ખાતરી કરવી.

## જેલના લોકોનું આરોગ્ય

જેલના HIPના વ્યૂહાત્મક લક્ષ્યો છે સ્પષ્ટ વ્યૂહરચના તૈયાર કરવી જેની અંદર HMP કાર્ડિફ અન્ય લોકો સાથે તેમની જેલના કેદીઓ માટે આરોગ્ય અને આરોગ્યસંભાળ સેવાઓ સુધારવા આ રીતે કામ કરશે:

- HMP કાર્ડિફના કેદીઓની આરોગ્યની જરૂરિયાતો નિશ્ચિત કરવી.
- આયોજનની કાર્ય પદ્ધતિયો વિકસાવવા અને HMP કાર્ડિફની અંદર અને બહાર ભાગીદારીની ખાતરી કરવા માટે એક વ્યૂહરચના તૈયાર કરવી.
- તબીબી સેવાઓ વિકસાવવા માટે અને સાધનોને ધ્યાનમાં રાખીને એક વ્યૂહરચના તૈયાર કરવી.
- HMP કાર્ડિફ અને NHS, સ્થાનિક અધિકારીઓ અને સ્વૈચ્છિક સંગઠનો સંયુક્ત વચનબદ્ધતાઓ નિશ્ચિત કરી શકે તે માટે એક માળખું પૂરું પાડવું.
- આરોગ્યની વૃદ્ધિ માટેનાં ઓલ વેલ્સ લક્ષ્યો પૂરા કરવામાં યોગદાન આપવું.
- આરોગ્ય અને સામાજિક સંભાળ પ્રદાતાઓ સાથે લાંબા ગાળાના કરાર કરવા માટે માળખું પૂરું પાડવું.

HMP HIP 10 મહત્વના મથાળાં હેઠળ વર્ગીકૃત આ વસ્તીની જરૂરિયાતોને ધ્યાનમાં લેવા માટે નિમ્નલિખિત ભલામણો આગળ ધપાવવા માગે છે:

- ઇન્ફોર્મેશન મેનેજમેન્ટ એન્ડ ટેક્નોલોજી (IM&T) સપોર્ટ સિસ્ટમ્સ.
- ડાયાબિટીસ એન્ડ કોરોનરી હાર્ટ ડિઝીઝ NSF નો અમલ.
- GP નોંધણી.
- દવા સૂચવવી.
- પદાર્થનો દુરૂપયોગ.
- માનસિક આરોગ્ય.
- ડેન્ટલ સેવાઓ.
- ચેપી રોગ નિયંત્રણ.
- જીવન પદ્ધતિ.
- કર્મચારીઓ - કામગીરીનો વિકાસ.
- કર્મચારીઓ - સંચાલન વ્યવસ્થા મુદ્દાઓ.

## પદાર્થનો દુરૂપયોગ

વેલ્શ અસેમ્બ્લી ગવર્નમેન્ટ દ્વારા વિકસાવેલ સબ્સ્ટન્સ મિસયુઝ ટ્રીટમેન્ટ ફ્રેમવર્ક્સ સ્થાનિક સ્તર પર હાથ ધરવામાં આવતી કામગીરી તેમજ હાલમાં વિકસાવવામાં આવતા *થ્રૂકેર એન્ડ આફ્ટરકેર રીજનલ ઇમ્પલીમેન્ટેશન પ્લાન*નો અમલ પણ નિશ્ચિત કરશે.

દવાઓના દુરૂપયોગ અંગે અહેવાલ *'હિડન હાર્મ, રિસ્પોન્ડિંગ ટુ ધી નીડ્સ ઓફ ચિલ્ડ્રન ઓફ પ્રોબ્લમ ડ્રગ યુઝર્સ'* પર સલાહકાર પરિષદે કરેલી ભલામણોની સમીક્ષા કરવામાં આવે અને કાર્ય-યોજનાઓ તદનુસાર વિકસાવવામાં આવે તેની ખાતરી કરવા માટે વેલ્શ અસેમ્બ્લી ગવર્નમેન્ટ ભાગીદારીઓ માટે ઉત્સુક છે.

WAG દ્વારા આગળ ધપાવવામાં આવતી બીજી મહત્વની પહેલ છે ઓલ વેલ્સ પર્ફોર્મન્સ મેનેજમેન્ટ ફ્રેમવર્કનો વિકાસ જેમાં મુખ્ય/સામાન્ય ડાટા સેટ અને વ્યાખ્યા શબ્દકોષનો સમાવેશ થાય છે.

WAGએ વેલ્સમાં ડ્રગ એન્ડ એલ્કોહોલ નેશનલ ઓક્યુપેશનલ સ્ટાન્ડર્ડસ્‌ની રજૂઆતનાં સંદર્ભમાં ઓલ વેલ્સ ટ્રેનિંગ નીડ એનેલિસિસ પણ નિયોજિત કર્યું છે.

અમે WAG દ્વારા 'ગાઇડન્સ ઓન ધી ડિવેલપમેન્ટ ઓફ કોન્ફિડેન્શલ ઇન્કવાયરીઝ ઇન્ટૂ ડ્રગ રીલેટેડ ડેથ્સ' ના પ્રકાશનની પણ રાહ જોઇએ છીએ.

## સમયધોરણો

સબ્સ્ટન્સ મિસયુઝ એકશન પ્લાન 2005-2008ના વિકાસ સંબંધિત સમયપત્રક નીચે પ્રમાણે છે:

**ઓક્ટોબર 2004 દરમિયાન -** CSPs 2005-2008 માટે તેમની અગ્રતાઓ નક્કી કરશે. અમે આ ગાળા પહેલા અને દરમિયાન પ્રાદેશિક સલાહકારો સાથે સવિસ્તાર ચર્ચા વિચારણાની ભલામણ કરીશું.
**સોમવાર 29મી નવેમ્બર સુધીમાં -** સબ્સ્ટન્સ મિસયુઝ રીજનલ એડવાયઝરી ટીમ (SMART) ના ખરડાઓનું લગભગ અંતિમ સ્વરૂપ.
**સોમવાર ૧૦મી જાન્યુઆરી સુધીમાં -** 29મી નવેમ્બર સુધીમાં રજૂ કરેલ યોજનાઓ માટે CSPs પ્રાદેશિક સલાહકારોનો પ્રતિસાદ મેળવશે.
**12મી ફેબ્રુઆરી 2005 સુધીમાં -** વેલ્શ અસેમ્બ્લી ગવર્નમેન્ટને અંતિમ સંશોધિત ખરડો.
**1લી માર્ચ 2005 સુધીમાં -** વેલ્શ અસેમ્બ્લી ગવર્નમેન્ટની સંમતિ કે યોજનાઓ વૈધાનિક માર્ગદર્શનને અનુરૂપ છે અને તદનુસાર CSPs ને જણાવવું.
**31મી માર્ચ 2005 સુધીમાં -** CSPs દ્વારા યોજનાઓ વિધિસર અપનાવવી અને ત્યારબાદ જાહેર જનતાને બને તેમ વહેલાં યોજનાઓ ઉપલબ્ધ કરાવવી.

## બેઘરપણું

કાર્ડિફ હોમલેસનેસ સ્ટ્રેટેજીએ તેની કાર્યવાહીઓ નિવારણ, આવાસન અને ટેકો એમ ત્રણ મુખ્ય મથાળાં હેઠળ વર્ગીકૃત કરી છે.

### નિવારણ

- હાલમાં સામાન્ય આંકડાકીય પદ્ધતિમાં સામેલ કરાતી ન હોય તેવી બીજી સંસ્થાઓને નિયુકત કરીને બેઘરપણાનાં કારણોની વિસ્તૃત નોંધ થાય તેની ખાતરી કરવી.
- સ્ત્રીઓ અને યુવાન લોકો માટે ખાસ માહિતી, કેદીઓ, સેના છોડતા સૈનિકો અને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થતા લોકો વગેરે માટે સલાહનો સમાવેશ કરવા માટે સંબંધિત સાઇનપોસ્ટિંગ સાથે સ્ટ્રીટવાઇઝ નિર્દેશિકાનું વિસ્તરણ કરવું અને તેનો ઉપયોગ વધારવો.
- સંભવિત ભાડૂત બચાવ પગલાં નિશ્ચિત કરવા માટે દરેક પ્રકારના ગૃહનિર્માણમાંથી બાકાતગીનાં કારણોની નોંધ રાખવાની કવાયત હાથ ધરવી.
- નિવારણ ટૂલકિટ વિકસાવવું અને કાઉન્સિલની ' સ્પેન્ડ ટૂ સેવ' નીતિ વધુ વિકસાવવી.

### આવાસન

- ટેકાકૃત ગૃહનિર્માણમાંથી દરેક પ્રકારની સુરક્ષિત ભાડૂતીના સ્વરૂપમાં એક પૂર્ણ રીતે એકીકૃત અને અસરકારક પુનર્વસવાટ પ્રક્રિયા વિકસાવવી.
- સુવા અને નાસ્તા માટે રહેવાની સગવડનો ઉપયોગ કરવાની જરૂરિયાત અને કાઉન્ટીની બાહર રહેવાની વ્યવસ્થાને નાબૂદ કરવું.
- મુખ્ય હોસ્ટેલોમાં સગવડ મેળવવામાં સમાનતા સુધારવી અને અગવડતાભરી સુવાની વ્યવસ્થા અને બાકાતગી બને તેટલી ટાળી શકાય તે માટે નીતિયો ઘડવી.

ટેકો

- અગ્રતાવાળી જરૂરિયાતોની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં એક કેંદ્રબિંદુ પૂરું પાડતું મૂલ્યાંકન કેંદ્ર વિકસાવવું અને એકલી ઘર વિનાની વ્યકિતની જરૂરિયાતો પૂરી કરવા માટે વધુમાં વધુ સલાહ અને ટેકો ઉપલબ્ધ કરાવવા.
- ટેકાકૃત ગૃહનિર્માણ સેવાઓ મેળવતાં ઘર વિનાનાં અથવા સુવાની અગવડતા વેઠતા લોકોની વિશિષ્ટ જરૂરિયાતો પૂરી કરવા એક સમર્પિત આરોગ્ય ટુકડી અને અન્ય વૈધાનિક ટેકા સેવાઓની કાયમતા અને વચનબદ્ધતાની ખાતરી કરવી.
- સંભવિત બેઘરપણાને બને તેટલો ઘટાડવા માટે ખાનગી ગૃહનિર્માણમાંના લોકોને ટેકો પૂરો પાડવો અને ખાનગી ક્ષેત્રમાં પ્રવેશ કરવા ઇચ્છતા લોકોને ટેકો આપવો.

## આશ્રયસ્થાનની માગણી કરનારા અને શરણાર્થીયો

નીચે આપેલ સહિત સેવાઓની શ્રેણી પૂરી પાડીને કાર્ડિફમાં પ્રસરતા આશ્રયસ્થાનની માગણી કરનારા અને ત્યાં રહેવાનું પસંદ કરનારા શરણાર્થીયોના આરોગ્ય અને તંદુરસ્તીને પ્રોત્સાહન આપવું:

- આવાસન અને ભાડૂતીનો ટેકો.
- જરૂર પડે તો કાનૂની સેવાઓ સહિત સામાજિક સંભાળ ટેકો, આશ્રયસ્થાનની માગણી કરનારાને મુખ્યધારા સેવાઓ મેળવવામાં મદદ.
- હેરાનગત/ધમકી/સામુદાયિક તાણનાં વિશિષ્ટ બનાવોનો સામનો કરવો.
- ભાષાનો ટેકો આપવાની વ્યવસ્થા કરવી.
- સ્થાનિક સ્કૂલોમાં પ્રવેશ મેળવવાની ખાતરી કરવી.
- પુખ્ત શિક્ષણની તકો વિકસાવવી.
- પ્રાથમિક આરોગ્ય સંભાળ સેવાઓ અને યોગ્ય હોય ત્યાં ગૌણ આરોગ્ય સંભાળ પૂરી પાડવી.

ઉપરના ઉદ્દેશો પ્રમાણે સેવાઓ વિકસાવવાની દરખાસ્તો મોટા ભાગે એ વાત પર આધારિત છે કે આશ્રયસ્થાનની માગણી કરનારાનું કાર્ડિફમાં પ્રસારણ કરવા માટે NASS સાથેનો કોન્ટ્રેક્ટ 2006માં ફરી તારીજ કરાય છે કે નહીં. આ નિર્ણય લીધા બાદ હાલની સેવાઓની પ્રતિકૃતિ અને આગામી કોન્ટ્રેક્ટ ગાળા માટે વ્યૂહાત્મક યોજનાની સમીક્ષાની જરૂર પડશે. હાલમાં ગ્રાહક જૂથોને પૂરી પાડવામાં આવતી સેવાઓમાં રહેલી કમીઓ પર ધ્યાન આપતી દરખાસ્તોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- આશ્રયસ્થાનની માગણી કરનારા માટે એક સંયુકત વ્યૂહાત્મક આયોજન જૂથ સ્થાપિત કરવું.
- આગામી પ્રસારણ કોન્ટ્રેક્ટ બાબતેના નિર્ણય મુજબ આશ્રયસ્થાનની માગણી કરનારા અને શરણાર્થીઓની ભવિષ્યની જરૂરિયાતો નિશ્ચિત કરવી.
- આશ્રયસ્થાનની માગણી કરનારા અને શરણાર્થીઓની આરોગ્ય અને તંદુરસ્તીની જરૂરિયાતો પૂરી કરવા માટે એક વ્યૂહરચના તૈયાર કરવી.
- ભાષા અને સંદેશાવ્યવહારની વ્યૂહરચના વિકસાવવામાં યોગદાન આપવું.
- આશ્રયસ્થાનની માગણી કરનારા અને શરણાર્થીઓને મેન્ટલ હેલ્થ સ્ટીયરીંગ ગ્રૂપ (માનસિક આરોગ્ય સુકાન જૂથ) સાથે સંપર્કમાં ટેકો આપનાર સમર્પિત પાર્ટ ટાઇમ CPN પદના કલાકો વધારવા માટેની દરખાસ્તો વિકસાવવી.
- કાઉન્સિલની લાઇફલોંગ લર્નિંગ સર્વિસ (આજીવન શિક્ષણ સેવા) અને સ્વૈચ્છિક ક્ષેત્ર સાથે ભાગીદારીમાં ESOL સેવાઓનું વિસ્તરણ કરવા માટેની દરખાસ્તો વિકસાવવી.
- કાઉન્સિલની લાઇફલોંગ લર્નિંગ સર્વિસ (આજીવન શિક્ષણ સેવા) અને સ્વૈચ્છિક ક્ષેત્ર સાથે ભાગીદારીમાં સામાન્ય અને આવશ્યક કુશળતાઓની સેવાઓ ઓળખવા અને પૂરી પાડવા માટેની દરખાસ્તો વિકસાવવી.

## જાતિય આરોગ્ય

નિમ્નલિખિત લક્ષ્યો પૂરાં કરતી સ્થાનિક સ્તરે એકીકૃત જાતિય આરોગ્ય સેવાઓ વિકસાવવી:

- કાર્ડિફમાં ટીનેજ સગર્ભાવસ્થા દરો ઘટાડવા.
- જનનેંદ્રિયો દ્વારા પ્રસારિત ચેપોની માત્રા અને વ્યાપક્તામાં ઘટાડો.
- લોકોને સારી ગુણવત્તાવાળી જાતિય આરોગ્ય સલાહ અને સેવાઓ મળે તેની ખાતરી કરવી.
- કાર્ડિફમાં બધા યુવાન લાકોને સારી ગુણવત્તાવાળી જાતિય આરોગ્ય સલાહ અને સેવાઓ મળે તેની ખાતરી કરવી.
- વૈધાનિક અને સ્વૈચ્છિક સંસ્થાઓને સામેલ કરીને ભાગીદારીના અભિગમ દ્વારા સેવાઓ પૂરી પાડવી.

આ લક્ષ્યો નીચેના પગલાં દ્વારા પૂરાં કરવાની અપેક્ષા છે:

- વ્યાવહારિક રીતે લોકો સુધી પહોંચીને ઉદ્દેશલક્ષી શિક્ષણ અને નિવારણલક્ષી કાર્યક્રમો સુદ્દઢ બનાવવા.
- હાલમાં જેનીટોયુરીનરી મેડિસિન, પરિવાર નિયોજન અને પ્રાથમિક સંભાળની પૃષ્ઠભૂમિમાં અપાતી જાતિય આરોગ્ય સેવાઓનું સુયોજન અને એકીકરણ કરવું.
- CRI માં પરીક્ષણ અને સારવાર, તબીબી સમાપ્તિ અને કોલ્પોસ્કોપી નો સમાવેશ કરતી જનનેંદ્રિયો દ્વારા પ્રસારિત ચેપો અને જાતિય આરોગ્યની નિષ્ણાત સેવા આપવી; વિશિષ્ટ લક્ષ્યાંક જૂથો માટે આઉટરીચ (હોસ્પિટલમાં દાખલ ન હોય તેવા લોકોનું) પરીક્ષણ પૂરું પાડવું; મેળવવામાં સમાનતાની ખાતરી કરવા માટે કામ કરવું.
- નિષ્ણાત HIV સેવાઓ સહિત યુનિવર્સિટી હોસ્પિટલ ઓફ વેલ્સમાં નિષ્ણાત સેવાઓ પૂરી પાડવી, ખાતરી કરવી કે HIV સંભાળનું ભવિષ્યનું મોડલ ભવિષ્યની માંગ પૂરી કરી શકે.

ઉપરના પગલાંને ટેકો આપે એવા વિકાસના વિશિષ્ટ ક્ષેત્રો છે:

### વ્યૂહાત્મક આયોજન

- કાર્ડિફ માટેની નક્કી કરેલ 3 ટિઅર એકીકૃત જાતિય આરોગ્ય સેવાના અમલનું નિરીક્ષણ કરવા વ્યૂહાત્મક ભાગીદારી મંચ તરીકે કામ કરવા માટે APG ની ભૂમિકા સુદૃઢ બનાવવી.
- ખાતરી કરવી કે જાતિય આરોગ્યના મુદ્દાઓ બાબતે APG અને CYPPF ની કામગીરી સુસંગત છે.
- જાતિય આરોગ્ય માટે સંભાળના કાર્યના અમલમાં સ્ત્રીઓની સેવાઓની સમીક્ષાને ધ્યાનમાં લેવું.

### મેળવવામાં સમાનતા

- સેવાઓ અને નવા સેવા મોડલોનાં અમલના સંદર્ભમાં વધારાના શિક્ષણ/તાલીમ દ્વારા તે કેવી રીતે મેળવી શકાય તે બાબતે જાગરુક્તા સુધારવા માટેની યોજનાઓ વિકસાવવી.
- BME જૂથો અને સમલિંગકામી પુરુષો માટેની જાતિય આરોગ્ય સેવાઓ મેળવવામાં સુધારો કરવા ઉદ્દેશલક્ષી કાર્ય માટે દરખાસ્તો વિકસાવવી

### એકીકૃત સેવા પૂરી પાડવી

- હાલની જોગવાઇ/સાધનો ચકાસ્વા અને મેળવવા સહિત, સ્તર 1 ની જોગવાઇ આગળ ધપાવવા માટે એક વ્યૂહાત્મક વિકાસ અભિગમ અપનાવવો.
- સ્તર 2 ની સેવાઓના અમલને ટેકો આપવા માટે એક કાર્ય-યોજના વિકસાવવી.

## સંભાળકર્તાઓ

- HIV/AIDS થી પીડાતા લોકોના સંભાળકર્તાઓની બાબતે હાથ ધરવામાં આવેલ હાલની કામગીરીની સમીક્ષા કરવી અને આ કામગીરીને સંભાળકર્તાઓ માટેની સેવાઓના મુખ્યધારા આયોજન સાથે જોડવા માટે દરખાસ્તો નિશ્ચિત કરવી.

## યુવાન લોકો

- માધ્યમિક સ્કૂલોમાં વનસ્ટોપ માહિતી કેંદ્રોના વિકાસને ટેકો આપવો.
- આરોગ્ય માહિતી આપવામાં ટેકો આપવો.
- બહુપાર્શ્વીય અભિગમ અપનાવીને યુવક અને સામુદાયિક પૃષ્ઠભૂમિમાં યુવાન લોકોની જાતિય આરોગ્ય સેવાની જોગવાઇને વધુ વિકસાવવી.
- કોન્ડોમ વિતરણ યોજનાને ભાગીદારીમાં વિશેષ તાલીમ પામેલા કાર્યકરોની મદદથી સંભાળ પદ્ધતિમાંના અને સ્કૂલમાંથી બાકાત, તક ન મેળવતા, યુવાન લોકોને ધ્યાનમાં રાખીને, સુદૃઢ બનાવવી અને તેનું વિસ્તરણ કરવું.
- બહુસંસ્થાકીય જાતિય આરોગ્ય તાલીમ અને જીવનની કુશળતાઓ તથા બહુપાર્શ્વીય મુદ્દાઓ પર કેંદ્રિત પહેલો વિકસાવવી અને પૂરી પાડવી.
- સ્કૂલ આરોગ્ય નર્સિંગ સેવા સાથે વિશિષ્ટ જાતિય આરોગ્ય પ્રોત્સાહનની પહેલો વિકસાવવી.
- સમાધાનપૂર્ણ સંયુક્ત નીતિ અને વૈધાનિક તથા સ્વૈચ્છિક ક્ષેત્ર સાથે પ્રોટોકોલના વિકાસનો અમલ કરવો.
- સ્કૂલોમાં જાતિય અને સંબંધો વિશે શિક્ષણ પૂરું પાડવામાં ટેકો આપવો.

## જિપ્સિઓ અને પ્રવાસીઓ

હાલમાં આ જૂથ માટે સંયુક્ત યોજના મંચ ન હોવાના કારણે દરખાસ્ત કરવામાં આવી છે કે સંયુક્ત નિયોજન જૂથને જવાબદાર એક કાર્ય અને સમાપન જૂથ આ જૂથ માટે એક સંયુક્ત નિયોજન વ્યૂહરચના વિકસાવવા માટે સ્થાપિત કરવામાં આવે. માર્ચ 2004 માં યોજાયેલ જિપ્સિ અને પ્રવાસી સેમિનારની દરખાસ્તો આ કામગીરીનો આધાર બનશે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- સંપર્ક સુધારવા અને સેવાઓ સમન્વિત કરવા માટે નિષ્ણાત પ્રેક્ટિશનરનું પદ સ્થાપિત કરવું.
- એક વેલપર્સન ક્લિનિક સ્થાપવું.
- સચિત્ર આરોગ્ય પ્રોત્સાહન/માહિતી નિર્માણ.
- સામાજિક પ્રસંગો માટે શિક્ષણ સામગ્રી સાથે સુવિધાઓ વિકસાવવી.
- કાઉન્સિલનાં સ્થળો પર પર્યાવરણ, આરોગ્ય અને સુરક્ષાના મુદ્દાઓ ધ્યાનમાં લેવા.
- સમુદાયની ક્ષમતા વધારવી.

## આગળના પગલાં

કાર્ડિફ માટેની આરોગ્ય, સામાજિક સંભાળ અને તંદુરસ્તી વ્યૂહરચના સમય જતાં બદલવા અને અનુકૂલિત કરવામાં પર્યાપ્ત રીતે પરિવર્તનક્ષમ એક જીવંત દસ્તાવેજ રહેશે. એટલા માટેજ કાર્ડિફનાં લોકોનાં આરોગ્ય અને તંદુરસ્તી સુધારવાની યાત્રામાં તેનો વિકાસ એક પહેલું પગલું છે. આ વ્યૂહરચનાના સ્વપ્નને હકીકત બનાવવામાં ઘણી કામગીરીની જરૂર પડશે.

આ થવા માટે, નિમ્નલિખિતને ટેકો આપતી કેટલીક મહત્ત્વની પ્રક્રિયાઓ શરૂ કરવામાં આવશે:

- કાર્ડિફમાં આવતા 3 વર્ષ માટે આરોગ્ય અને સામાજિક સંભાળ સેવાઓ વિકસાવવા વ્યૂહાત્મક માળખું પૂરું પાડવા માટે કાર્ડિફના આરોગ્ય અને સામાજિક સંભાળ સમુદાય દ્વારા વ્યૂહરચનાનો ઉપયોગ કરવામાં આવશે.
- દરખાસ્તોને વધુ વિગતવાર સીમા ચિન્હો સાથેની કાર્ય-યોજનાઓના રુપમાં વધુ વિકસાવવી.
- લોકલ હેલ્થ બોર્ડ અને કાઉન્સિલની મુખ્ય કામગીરીમાં વ્યૂહરચનાને એકીકૃત કરવું.
- કાર્ડિફમાં સંયુક્ત આયોજન પ્રક્રિયાને વધુ સુદૃઢ બનાવવી.
- હેલ્થ એક્ટ (આરોગ્ય અધિનિયમ) 1999 પરિવર્તનક્ષમતાઓમાં મળતી તકોનો ઉપયોગ કરવો.

2008-13ની વ્યૂહરચનાને વિકસાવવાની પ્રક્રિયા 2006ની શરુઆતમાં શરૂ કરવી પડશે

### નોંધ અને સમીક્ષા કરવાની વ્યવસ્થા

કાર્ડિફની સામુદાયિક વ્યૂહરચનાના ભાગ રુપે, આરોગ્ય સામાજિક સંભાળ અને તંદુરસ્તી વ્યૂહરચનાની નોંધ સમગ્રપણે, કમ્યુનિટી સ્ટ્રેટેજી ઇમ્પલીમેન્ટેશન ગ્રૂપ (CPIG) વતી કાર્ડિફ હેલ્થ અલાયન્સ રાખશે. સંયુક્ત આયોજન વ્યવસ્થાની ટોચે રહેતું હેલ્થ અલાયન્સ, વ્યૂહરચનાની પ્રગતિ વિશે નિયમિત અદ્યતન અહેવાલો મેળવશે અને તે CPIGને જવાબદાર રહેશે.

એડવાઇઝરી પ્લાનિંગ ગ્રૂપસ્ (APGs) વિગતવાર નોંધ રાખવા અને દરેક વિશિષ્ટ શાખાઓમાંની વ્યવસ્થાઓની સમીક્ષા માટે જવાબદાર રહેશે અને વ્યૂહરચનાનાં તેમના ઘટકો પૂરા પાડવા માટે ભાગીદારી પ્રક્રિયાની અને તેમના ગ્રાહક જૂથ સંબંધિત વ્યૂહરચનાના અસરો અને પરિણામોની સમીક્ષા કરશે. JCG બહોળા મુદ્દાઓ અને સહિયારા વિષયોની નોંધ રાખશે જેમકે આરોગ્ય પ્રોત્સાહન.

વ્યૂહરચનાનો એકંદર અમલ અને નાણાંકીય વ્યવસ્થાપનની જવાબદારી વૈધાનિક ભાગીદારો, કાર્ડિફ લોકલ હેલ્થ બોર્ડ અને કાર્ડિફ કાઉન્ટી કાઉન્સિલની છે અને દરેક સંગઠનને તેની બહાલી અને અહેવાલ તેમના જે તે રાજ્ય કારોબારની વ્યવસ્થા માર્ફતે આપવામાં આવશે. લોકલ હેલ્થ બોર્ડ અને કાર્ડિફ કાઉન્સિલ NHS અધિનિયમ પરિવર્તનક્ષમતાઓ હેઠળ વિધિસર સહિયારું બજેટ અને સંયુક્ત નિયોજન વ્યવસ્થાઓની તપાસ કરવા માગશે.

હેલ્થ અલાયન્સ નીચની બાબતોમાં વ્યૂહરચનાના અમલમાં ગુણવત્તા નિયંત્રણ કરશે:

- વિગતવાર આયોજન, દરખાસ્તોનો અમલ અને નોંધ કરવામાં જાહેર જનતા અને શેરહોલ્ડરનો સમાવેશ કરવામાં આવે તેની ખાતરી કરવી.
- સામુદાયિક યોજના સાથે નિરંતર વ્યૂહાત્મક જોડાણ રહે તેની ખાતરી કરવી.
- મહત્ત્વનાં શેરહોલ્ડરો સાથે વ્યૂહરચનાના અમલમાં થયેલી પ્રગતિની વહેંચણી કરવી.
- NHS અને સ્થાનિક સરકારની અંદરનાં અન્ય મોટી યોજનાઓ સાથે વ્યૂહાત્મક સંબંધો અને સમન્વય નો માર્ગ સ્થાપવા.

- સમીક્ષાની પ્રક્રિયામાં નિમ્નલિખિત પ્રશ્નોને ધ્યાનમાં લેવા માટે કામગીરી સૂચકો વિકસાવવામાં આવશે:
  - શું વ્યૂહરચનાની કાર્યવાહી અને સેવાઓના પ્રતિભાવો અને પરિણામો બરાબર હતા?
  - શું તે સમગ્ર સમુદાયની જરૂરિયાતો પૂરી કરતા હતાં?
  - કોની જરૂરિયાતો પૂરી નહોતી કરવામાં આવી?
  - શું ખર્ચ વાજબી હતો?
  - શું સંચાલનના સ્તરે સંયુક્ત કામગીરી અસરકારક રીતે કરાઇ હતી, દા.ત. સંભાળના વિલંબિત સ્થળાંતરના વ્યવસ્થાપનમાં આપણી કામગીરી કેવી રહી?
  - શું સ્થાનિક અધિકારી ગૃહનિર્માણ, શિક્ષણ, પર્યાવરણ સેવાઓ, પરિવહન, નવરાશની સેવાઓ અને જાહેર આરોગ્ય વિભાગની જોઇએ તેટલી સંપૂર્ણ સામેલગીરી હતી?

APGs પાસેથી એવી અપેક્ષા પણ રાખવામાં આવશે કે તેઓ ખાતરી કરે કે સીધા પ્રતિનિધિત્વ અથવા બહોળા નેટવર્ક સાથે નિયમિત સંપર્ક દ્વારા આયોજનમાં સેવા વપરાશકારો અને સંભાળકર્તાઓનો સમાવેશ થાય છે. આયોજનનાં માળખાં સેવા વપરાશકારો અને તેમની ચિંતાઓ પ્રત્યે જવાબદાર હોવા જોઇએ અને તેમના સૂચનો અમલમાં લાવા જોઇએ. આ રીતે એક વિશ્વાસભર્યો સંબંધ વિકસે છે જેમાં સેવા વપરાશકારોને લાગે કે તેમને ધ્યાન આપવામાં આવ્યું છે અને તેના કારણે સેવાઓનો વિકાસ જાળવી રખાય છે.

વિગતના સ્તર અને વ્યૂહરચનાની મર્યાદાનું મતલબ છે કે પરિણામો તરત ન પણ દેખાય. તેમ છતાં, બધા ભાગીદારોના બધા કાર્યો હાલનાં સાધનોના વધુમાં વધુ ઉપયોગ કરવા અને વસ્તીનું આરોગ્ય અને તંદુરસ્તી સુધારવા બાબતે વ્યૂહરચનાનાં સિદ્ધાંતોને અનુરૂપ હોવા જોઇએ.